

# અધ્યાત્મ

અંક-૧

ઓક્ટોબર-૧૯૮

## * સદ્‌ભાવભરી ભેટ *

સત્ પ્રવૃત્તિમાં સહાયભૂત થવું એ પણ સત્કર્મજ છે. સત્કર્મોનો સેવાયજ્ઞ આવી ભાવનાથીજ પ્રજ્વલિત રહેતો હોય છે. અધ્યાત્મના ચાહકો પણ તેના પ્રત્યે આવી સદ્‌ભાવના દાખવી, ભેટો મોકલતાજ રહે છે. છેલ્લે મળેલી ભેટની વિગત આ પ્રમાણે છેઃ-

૨૫-૦૦ સુરતના એક સાધક ભાઈ તરફથી.
૧૫૦-૦૦ શ્રી ભૂપતભાઇ દેસાઇ, પાટડી તરફથી.
૧૦૭-૦૦ શ્રી દીનેશભાઇ પટેલ, લેસ્ટર તરફથી.
૫૧-૦૦ શ્રી ગોરધનભાઇ કલોલા પૌત્ર જન્મ પ્રસંગે.
૧૫-૦૦ અમદાવાદના એક સાધકભાઇ તરફથી.
૧૧-૦૦ શ્રી દીપા કાંતિલાલ તરફથી.
૨૫-૦૦ શ્રી હરિભાઇ ભોજાણી મોરબી તરફથી.
પુત્રીના જન્મદિન પ્રસંગે.
૨૧-૦૦ કુસુમબેન શુકલનાં પુત્રી રેણુબેનના જન્મદિન નિમિત્તે.
૨૫-૦૦ રણછોડભાઇ દુર્લભજી પટેલ, નવસારી.
૨૫-૦૦ નિમેષભાઇ ભાનુશંકર મહેતા, કડીઆદરા.
૨૫-૦૦ પદ્માબેન પી. ત્રિવેદી તરફથી પુત્ર દીપકના જન્મ-દિન નિમિત્તે.
૭૬-૦૦ સુરતના એક સદ્‌ગૃહસ્થ તરફથી.

પાંચ પાઉન્ડ શ્રી અંબાલાલ એમ. મિસ્ત્રી, રગ્બી, ઇંગ્લેન્ડ તરફથી એમના પૌત્ર સંદીપકુમારના પુણ્યાર્થે.

### આજીવન સભ્ય

૨૫૧-૦૦ શ્રી રતેજી ડાહ્યાભાઇ મિસ્ત્રી, સચીન
[ એમના પુત્ર શ્રીમગનભાઇ તરફથી ]



પૂ. મા જ્યોતિર્મયી તથા પૂ. શ્રી યોગેશ્વરજી

## જન્મમરણ

શ્રમિત પથિકને છાયા આપી
સુવડાવી દો રાતે;
જીવનભરના થાકપછી દો
નિદ્રા એમજ વાટે
તમે સર્વ જીવોને;
દૂર કરીને જાગે પાછો સુતેલ માનવ ચાદર
તેમ જગાડો નૂતન જગમાં તમે વિખેરી વાદળ.

—યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૫ અંક : ૧ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ, કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, ,તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| દેવતાનું સેવન | યોગેશ્વરજી | ૩ |
| वंदे त्वां माता ज्योतिर्मयीम् | તંત્રી | ૫ |
| માતાજીના પ્રેરક જીવનપ્રસંગો | યોગેશ્વરજી | ૯ |
| "એને શામળિયો સંભાળે છે?" | જગદીશચંદ્ર એસ. આચાર્ય | ૧૬ |
| સહજાનંદ સ્વામીની કરૂણા | સત્સંગી | ૧૭ |
| પૂજ્ય માતાજીની નોંધપોથીમાંથી સંકલન | શ્રી સર્વેશ્વરી | ૨૧ |
| સામ્પ્રત ભારતના મહાન જ્યોતિર્ધર મહાત્મા શ્રી યોગેશ્વરજી | પ્રા. શશિકાન્ત કોન્ટ્રાકટર | ૨૫ |
| શ્રીમદ્ ભાગવત સુધા | પ્રા. જનાર્દન દવે | ૩૦ |
| ઇન્દ્રિયાતીત ધ્યાન-એક અધ્યયન પ્રયાસ | ભાઈલાલભાઈ છાટબાર | ૩૪ |
| એક વરસે | યોગેશ્વરજી | ૩૯ |
| મારી હા ના નથી | મુકુન્દરાય પારાશર્ય | ૪૦ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૪૧ |
| વિદેશની ધરતીપર ધ્યાન-સાધના શિબિર | શ્રી સર્વેશ્વરી | ૪૫ |
| સાંસ્કૃતિક પ્રવાસ—સીંગાપોરનો | નાનુરામભાઈ દુધરેજિયા | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**-મા સર્વેશ્વરી**

વર્ષ : ૫ ઓકટોબર-૧૯૮૩ અંક : ૧

## દેવતાનું સેવન

એક સ્વાનુભવસંપન્ન સુપ્રસિદ્ધ ભક્તકવિએ કવિતાની પ્રખ્યાત પંક્તિમાં કહ્યું છે–

જીવતા નરને સેવો ઓ ભાઈ મારા,
જીવતા દેવતાને સેવો.

સામાન્યરીતે માનવ નિદ્રાધીન હોય છે. કેટલીકવાર જડ અથવા મૃત:પ્રાય જેવો પણ જણાય છે. એને મોહની નિદ્રાએ ઘેરી લીધો અને સંમોહિત કર્યો હોવાથી સારાસારનું, નિત્યાનિત્યનું, સત્યાસત્યનું, ભાન કે જ્ઞાન નથી હોતું. કોઈક વિરલ બડભાગી માનવો જ એ મોહનિદ્રામાંથી મુક્તિ મેળવીને જ્ઞાનના જ્યોતિર્મય જગતમાં જાગે છે. એ જીવનના રહસ્યને સાચા અર્થમાં સમજીને જીવતા અથવા એને આત્મસાત કરવાની કલ્યાણકારિણી કોશિષ કરતા હોય છે. નિત્ય જાગ્રત બનીને જીવતા હોય છે.

એમને જીવતા નર તરીકે ઓળખવામાં આવે છે.

એમનું દર્શન સદાને માટે પ્રેરક બને છે અને સુખશાંતિ-પ્રદાયક ઠરે છે.

એમનું સંભાષણ તથા સાન્નિધ્ય જડતાને જલાવીને, મોહનિદ્રાને મટાડીને, અશાંતિનો અંત આણીને નવજીવનના મંગલ મંદિરમાં

પ્રવેશ કરાવનારું થઇ પડે છે. એમની પેઠે જાગતા તથા જીવતા રહેવાનું પરિબળ પૂરું પાડે છે. સૈકાઓથી સુતેલા નરને જગાડે છે, અંતરાત્માને અનુપ્રાણિત કરે છે, આલોકિત બનાવે છે.

એવા જીવતા, આત્મજાગ્રત, પૂર્ણ અને મુક્ત પરમાત્માપરાયણ પુરુષોને સેવવાનું મહત્વ ઘણું મોટું છે. એમનો આશીર્વાદાત્મક અનુગ્રહ સદા અમોલ બને છે.

આપણે તીર્થાટન કરીએ છીએ, દેવમંદિરોમાં જઈએ છીએ, યજ્ઞયાગાદિ વ્રતતપઉપવાસજપ અને શાસ્ત્રાધ્યયનનો આધાર લઈએ છીએ, કથાઓને કહીએ તથા સુણીએ છીએ, તે બધું સારું છે. પરંતુ એ બધું આપણને આત્મિક જગતમાં જાગ્રત કરવા અને અનાદિકાળની જડતામાંથી મુક્ત કરવા માટે છે, એ વાતનું વિસ્મરણ ના થવું જોઇએ. એ સઘળાં સાધનોનો સમાશ્રય લઈને આપણે કોઈ સ્વાનુભવસંપન્ન જીવંત સત્પુરુષને સેવતા થઇએ અને સ્વાનુભવસંપન્ન જીવંત સત્પુરુષ બનીએ એ આવશ્યક છે. એવી અપેક્ષા અસ્થાને નથી.

આપણા સમાજમાં દેવતાની ઉપાસના તથા સેવાની પ્રથા પ્રવર્તમાન છે. પરંતુ એ દેવતાઓ જીવંત કે પ્રત્યક્ષ ભાગ્યે જ હોય છે. આપણા જીવનમાં પ્રેરણા પહોંચાડનારા ને પ્રેમ તથા પ્રકાશ પાથરનારા પ્રત્યક્ષ દેવોને આપણે ઓળખીએ અને આરાધીએ છીએ ખરા ! એવા દેવતાઓમાં માતાપિતા, પતિપત્ની, સન્મિત્ર કે સ્વજનનો, અને દીનદુઃખી અશાંત અભાવગ્રસ્તનો સમાવેશ કરી શકાય. એમની અંદર રહેલી દિવ્યતાને, આત્માની અલૌકિક આભાને ઓળખીને એમને આપણી રીતે ઉપયોગી થઇ શકીએ તો કેટલું સારું ! એવી આરાધના આપણે માટે અને અન્યને માટે આશીર્વાદરૂપ બની જાય. એમને લીધે આપણી અને એમની અંદરની દબાયલી દિવ્યતા જાગીને સક્રિય થાય.

શ્રી યોગેશ્વરજી



# वन्दे त्वां माता ज्योतिर्मयीम् ।

તંત્રી

'હે મા જ્યોતિર્મયી, હું આપને વંદન કરું છું."

'અધ્યાત્મ' નો પ્રારંભ ઓકટોબર૧૯૭૯માં થયો. અને એ જ મહિનો પ. પૂ. માતાજી જ્યોતિર્મયીના પાર્થિવ તનુના ત્યાગનો–દેહવિલયનો ૧૯૮૦માં બન્યો. આમ અધ્યાત્મના માત્ર બીજા જ વર્ષે પૂ. માતાજીએ પોતાના પાર્થિવ તનુની લીલા સંકેલી લીધી. એમણે આપણી વચ્ચેથી વિદાય લીધી એમની અસંખ્ય પ્રેમમય સ્મૃતિઓ મૂકીને.

પૂ. માતાજી પૂ. શ્રીનાં જનેતા તો હતાં પરંતુ સાથે સાથે એમની સાધનાનાં સાક્ષીય બન્યાં. એમની કઠોરતમ તપશ્ચર્યાકાળમાં એમણે પૂ. શ્રીને ખૂબ સમજપૂર્વકનો સાથ ને સહકાર આપ્યો. આ એક નાનીસૂની વાત ન હતી. પોતાનો પુત્ર દિવસો સુધીના ઉપવાસો કરે ત્યારે સાથે રહેતી માતા પોતાના ગળે અન્નનો કોળિયો કેમ કરી ઉતારી શકે ! એ કેટલું બધું કપરું છે ! આમ છતાં પૂ. માતાજી એ સમજતાં કે પૂ. શ્રી ની સાધના ને તપશ્ચર્યા એ કોઇ સાધારણ પ્રકારની સાધના નથી. ખૂબ જ ઉચ્ચ કોટિની ને કરોડોમાં કોક જ વિચારી શકે. એવી વિરલ પ્રકારની એ તપશ્ચર્યા છે. પૂ. શ્રીનું સાધનાનું લક્ષ્ય ખૂબ જ ઊંચું એટલે ભોગ પણ ઊંચોય માગે ! એ વાત પૂ. માતાજી સારી રીતે સમજતાં. એટલે જ પૂ. શ્રી સાથે સહકાર આપી રહી શકયાં. આથી જ પૂશ્રીના સાધનાત્મક ઇતિહાસમાં તેઓનું નામ સદાયને માટે જોડાઈ ગયું. અમર બની ગયું.

અને પૂ. શ્રી પણ કેવા! પોતાની ગમે તેવી ઉચ્ચ સંત મહાત્મા તરીકેની પ્રતિષ્ઠા, પરંતુ પૂ. માતાજી એમને મન હંમેશાં પૂજ્ય માતાજી રહ્યાં. માતાને મન પુત્ર–મહાત્મા બન્યો પરંતુ પુત્રે હંમેશાં 'મા,ને 'જગદંબા' માન્યાં. એમની સાથેનો એમનો વ્યહવાર સદાય પ્રેમમય, આદરભર્યો ને મધુર રહ્યો. પોતે જેમની ઉપાસના કરી એ જગદંબાનું માનવતનુધારી સાક્ષાત સ્વરૂપ માની–એમને પૂજનીય, પવિત્ર ગણતા. સામાન્ય ત્યાગી કે વૈરાગી કરતાં ન કલ્પી શકાય એવો પૂ. શ્રીનો આ વ્યહવાર એમને મહામાનવ–કે આદર્શ માનવની કક્ષામાં મૂકનારો બની જાય છે.

દર વર્ષે ઓકટોબર મહિનો આવે ને પૂ. માતાજીની ઢગલા બંધ સ્મૃતિઓ જીવંત બની સ્મૃતિપટ પર તાજી થાય છે. એમનો પ્રેમભાવ, હૃદયને અને આંખને ભીંજવી જાય છે. એમના પરિચયમાં આવેલ સહુ કોઇને એ માતૃસ્નેહનું સ્મરણ કરાવી જાય છે.

એવાં વિરલ પૂ. માતાજી જ્યોતિર્મયીને આપણા સહુ વતી શ્રદ્ધાંજલિ અર્પવાનું સહેજે મન થઇ જાય છે. वन्दे त्वाम् माता ज्योतिर्मयीम्। એ ઉદ્‌ગારો આપણા હૃદયમાંથી નીકળી જાય છે.

પ. પૂ. માતાજીને અંજલિરૂપ તેમજ તેમના જીવનના કેટલાક સામાન્ય લાગે છતાં પ્રેરણાદાયક પ્રસંગો પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ લખેલા આ અંકમાં મૂકયા છે. પૂ. માતાજીનું એ રીતનું સ્મરણ એ પણ એમનું શ્રદ્ધાભર્યું તર્પણ બની રહે છે. અધ્યાત્મ પરિવારના સહુ વાંચકોને તે અવશ્ય ગમશે, એવી આશા છે.



## શ્રદ્ધાંજલિ

'અધ્યાત્મ' માસિકના વાંચકો શ્રી. પ્રપન્નલાલ કાજીના નામથી સુપરિચિત છે. તેઓશ્રી અધ્યાત્મમાં નિયમિત પોતાનાં લખાણો મોકલતા. તેઓશ્રીનો સ્વર્ગવાસ સોમવાર તા.૨૬-૯-૮૩ ના રોજ સવારે ૮-૩૦ કલાકે સુરત ખાતે થયો.

તેઓશ્રી પ. પૂ શ્રી યોગેશ્વરજી ઉપર ખૂબ પ્રેમ ને શ્રદ્ધા રાખતા. તેઓ એક સારા સાધક હતા તેમજ સુરતની થિયોસોફીકલ સોસાયટીના માજી પ્રમુખ પણ હતા. છેલ્લા ઘણા વખતથી તેઓનું સ્વાસ્થ્ય સારૂં રહેતું ન હોવા છતાં, તેઓ માનસિક રીતે ખૂબ જ સ્વસ્થ રહીને પોતાનું લેખનકાર્ય કરતા.

તેઓ સાંપ્રદાયિક વિચારસરણિથી પર હતા, એટલે જ તેઓ મુસલમાન કે બીજા ધર્મોના સંતો વિષે ખૂબ આદરભાવ પૂર્વક લખતા. આ એમની વિશેષતા હતી. પ્રભુ, એમના આત્માને ખૂબ શાંતિ આપો એજ પ્રાર્થના.

---

## અધ્યાત્મ અંગે ભલામણ

ગુજરાત રાજ્યના ગ્રંથાલય વ્યવસ્થાપક અધિકારી તેમજ સંયુક્ત શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદના પરિપત્ર ક્રમાંક નં. એ પુસ્તક ભલામણ-૧૦૪૨૬-૧૦૫૦૫ તા. ૩૦–૧–૮૧ ના ક્રમાંક નં. ૧૨ થી **'અધ્યાત્મ'** ની ભલામણ પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય માસિક તરીકે કરવામાં આવી છે. તેથી સરકારી અનુદાન મેળવતાં ગ્રંથાલયો, માધ્યમિક શાળાઓ, હાઇસ્કુલો તેમજ કોલેજોની લાયબ્રેરીઓ પણ આ માસિકનું લવાજમ ભરી શકે છે.

## જાહેર ખબરના દર

અધ્યાત્મના જાહેર ખબરના દર નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ટાઇટલ પેઇજ ૨ અને ૩ | આખું પાનું | રૂ. ૨૫૦ |
| | અડધું ,, | રૂ. ૧૨૫ |
| ટાઇટલ પેઇજ ૪ | આખું પાનું | રૂ. ૩૦૦ |
| | અડધું ,, | ૧૫૦ |

(બે રંગોમાં ૪૦ ટકા વધારે)

| | | |
|---|---|---|
| અંદરનું પાનું | આખું | ૨૦૦/- |
| | અડધું | ૧૦૦/- |
| | પા પાનું | ૫૦/- |

નોંધઃ-છ કે વધારે જા×ખ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.

——xx——

અધ્યાત્મ માસિકને આપ મદદ કરવા ઇચ્છો છો ? તો આટલું કરોઃ-

૧. આપ આપના મિત્રોને ગ્રાહક થવા સમજાવો. વાર્ષિક લવાજમ ભારતનું રૂ. ૧૫ અને પરદેશનું (By Air Mail) રૂ. ૧૨૫ છે.

૨. આપ આપના કુટુમ્બના શુભ પ્રસંગોએ અધ્યાત્મને ભેટ મોકલાવી શકો છો; અને

૩. આપના પરિચિતો કે આપ્તજનો જો વેપારી કે ઉદ્યોગપતિ હોય તો તેમની જાહેરખબર અધ્યાત્મમાં પ્રસિદ્ધિ માટે મોકલાવીને.



# માતાજીના પ્રેરક જીવનપ્રસંગો

યોગેશ્વરજી

## (૧) માતાજીની લાગણી

પ્રત્યેક પરંપરાગત પ્રસ્થાપિત ધર્મ એક વાતને સુસ્પષ્ટ રીતે શીખવે છે કે દુઃખીને દિલાસો આપવા જેવું, દુઃખમાંથી મુક્ત કરવા જેવું, બીજું કોઈ જ કલ્યાણ કાર્ય નથી. આપણને જેમ સુખશાંતિની અભિલાષા છે તેમ બીજાને પણ છે, હોઇ શકે છે એવું સમજીને બીજાને બને ત્યારે ને બને તેટલા પ્રમાણમાં સુખશાંતિથી સંપન્ન બનાવવા માટે કટિબદ્ધ બનવું જોઈએ, પ્રયત્નશીલ થવું અને બનતું બધું જ કરી છૂટવું જોઇએ. એમાં માનવતા સમાયેલી છે. ધર્મનો એ સારસંદેશ છે.

આપણે કેટલીકવાર એવું જાણીએ છીએ, સમજીએ છીએ, બોલીએ છીએ, પરંતુ જીવવાનું આવે ત્યારે ભાગ્યે જ જીવીએ છીએ.

માતાજી જ્યોતિર્મયીના જીવનમાં વિચાર અને આચારની એકવાક્યતા દેખાતી. એટલે એ દુઃખીને દુઃખમુક્ત કરવા કે શાંતિ સમર્પવા સદાય તૈયાર રહેતાં.

વાત લગભગ ઈ. સ. ૧૯૫૫–૫૬ની ઋષિકેશ ભરત મંદિરના એ વખતના અમારા આશ્રય સ્થાનની.

ભરત મંદિરની ધર્મશાળાના શાંત, એકાંત, આહ્લાદક સ્થાનમાં અમારાથી થોડેક દૂર ભારતીબાબા નામના વિદ્વાન પરમવિરક્ત સંત રહેતા. એમની સાથે એમની અપંગ સુપુત્રી પરમાત્માદેવી પણ રહેતી.

ભારતીબાબા મૂળ પંજાબના બ્રાહ્મણ પરિવારના અને પૂર્વાશ્રમમાં ડૉકટર હતા. વરસો પહેલાં પત્નીના સ્વર્ગવાસ પછી વૈરાગ્ય થવાથી સઘળું છોડીને આત્મશાંતિને મેળવવા માટે નાની ઉંમરની પુત્રી પરમાત્મા દેવીને ભગવાનના ભરોસે પોતાનાં કુટુંબીજનો પાસે મૂકીને ઋષિકેશના શાંત પવિત્ર પ્રદેશમાં પહોંચી ગયેલા.

પરંતુ કર્મની ગતિ ન્યારી હતી.

એ ગતિને અનુસરીને પરમાત્માદેવીએ વરસો પછી એક વાર પોતાના પિતાશ્રીની માહિતી મેળવીને એમની સાથે રહેવા માટે ભરત મંદિરમાં પ્રવેશ કર્યો.

પછી તો સંન્યાસી પિતા અને એમની સુપુત્રીએ સાથે રહેવા માંડયું.

પરમાત્માદેવી પોતાના સંન્યાસી પિતાની યથાશક્તિ સેવા કરીને પોતાના મનને પરમાત્મામાં પરોવવા લાગી. એથી એને સ્વાભાવિક રીતે જ અભૂતપૂર્વ શાંતિ સાંપડી.

દિવસ પછી દિવસ, મહિના પછી મહિના, વરસ પછી વરસ. કાળચક્ર એવી અબાધિતરીતે પોતાનું કાર્ય કરતું રહ્યું.

એક દિવસ, થોડાક દિવસના સામાન્ય તાવ પછી, ભારતીબાબાનો સ્વર્ગવાસ થયો.

એ અચાનક આવી પડેલી આપત્તિને લીધે પરમાત્માદેવી-ના મસ્તક પર જાણે કે વીજળી પડી.

એ દુઃખદ ઘટના પ્રસંગ એને માટે અસહ્ય વેદનાજનક થઇ પડ્યો.



એણે પોક મૂકીને રડવા માંડયું. પોતાના પરમપ્રિય પિતાની પાછળ શરીરને સમર્પવા માટે સંકલ્પ કર્યો. પરંતુ જેમતેમ કરીને સમજાવવાથી છેવટે એ સંકલ્પને તિલાંજલિ આપી.

એને માટે ભારતીબાબા એકમાત્ર આધારરૂપ હતા. એમના વિનાના જીવનની કલ્પના પણ એનાથી નહોતી કરી શકાતી. એ જીવનને જીવવા માટે એને બાધ્ય બનવું પડેલું. એના જીવનનું સમસ્ત સુખ જાણે કે નાશ પામેલું. એને ઠેકાણે દુઃખનો દાવાનળ સળગી ઉઠેલો.

પરમાત્માદેવી નિયમિત રીતે પાઠપૂજા કરતી. જપમાળા ફેરવતી, આરતી ઉતારતી, ધર્મગ્રંથોનું વાંચનમનન કરતી. એ ક્રમ નીરસ બન્યો ને છૂટી ગયો. મન કયાંય માન્યું કે લાગ્યું નહીં.

અમે તદ્દન પાસેજ રહેતાં હોવાથી એ દિવસો દરમિયાન એ પ્રતિદિન સવારે ને સાંજે અમારી પાસે આવવા લાગી.

"વૈષ્ણવ જન તો તેને કહિયે જે પીડ પરાઇ જાણે રે" એ ઉક્તિ પ્રમાણે માતાજી આદર્શ વૈષ્ણવજનની જેમ પર-માત્માદેવીને અહર્નિશ આશ્વાસન આપવા માંડયાં. એ કહેતાં કે દુઃખી માણસ બીજે કયાં જાય? દુઃખ હળવું થાય ત્યાં. પરમાત્માદેવી દુઃખી છે. એ આપણી પાસે ભલે આવે. દુઃખની દવા દિવસ. દિવસ વીતતા જશે તેમ તેમ એનું દુઃખ હળવું થશે.

માતાજીની એ લાગણીને પરમાત્માદેવી આજે પણ અવાર-નવાર યાદ કરે છે.

## (૨) મોટો લાડુ ખાવો છે

બાળકો પ્રત્યે માતાજીને પ્રથમથી જ પુષ્કળ પ્રેમ હતો.

બાળકો સાથે તે ખૂબ જ સ્નેહપૂર્વક સહાનુભૂતિસહિત વાતચીત કરતાં અને એમના મનોભાવોને સમજીને એમને ન્યાય આપવાનો કે સંતોષવાનો પ્રયાસ કરતાં.

અમદાવાદમાં વરસો પહેલાં એક વેપારી શ્રીમંત સદ્‌ગૃહસ્થને ત્યાં અમારો ઉતારો હતો.

તે સદ્‌ગૃહસ્થ સંતપ્રેમી અને અતિથિસત્કારની અસાધારણ ભાવનાથી સંપન્ન હતા.

એમણે બીજે દિવસે ખૂબ જ આગ્રહ કરીને માતાજીને ભોજન માટે લાડુ બનાવવાનું કહ્યું.

માતાજીએ એમના એ પ્રેમપૂર્ણ પ્રસ્તાવનો અનિચ્છાએ સ્વીકાર કર્યો.

સવારે એમણે રસોઈ બનાવવાનો આરંભ કર્યો અને છેવટે લાડુને બનાવવાની પૂર્વતૈયારી કરી ત્યારે, એ સેવાભાવી સદ્‌ગૃહસ્થના પાંચેક વરસના છોકરાએ રસોડા પાસે પહોંચીને મોટા સ્વરથી કહેવા માંડયું કે મોટો લાડુ ખાવો છે, મારે મોટો લાડુ ખાવો છે, મોટો લાડુ ખાવો છે!

ઘરનાં સભ્યો એને એમની રીતે સમજાવીને ત્યાંથી પાછો વાળવાના પ્રયત્નો કરવા લાગ્યા પરંતુ બાળક તો પોતાની લાગણી તથા માગણીને રજૂ કરતાં સત્યાગ્રહીની પેઠે એક જ પ્રકારના શબ્દોના પ્રતિઘોષ પાડતાં બેસી રહ્યો : મોટો લાડુ ખાવો છે.



ઘરના કેટલાક સભ્યો ગુસ્સે થઇ ગયા; પરંતુ માતાજીએ સ્વસ્થતાપૂર્વક જણાવ્યું કે આ છોકરો ભલે બેઠો. એ નિર્દોષ બાળક છે. એની ઇચ્છા હું હમણાં જ પૂરી કરું છું. પેલા નાના બાળકને પણ જણાવ્યું કે તારી ઇચ્છા હું હમણાં જ પૂરી કરું છું.

બાળકની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

માતાજીએ થોડા જ વખતમાં એક પ્રમાણમાં મોટો લાડુ તૈયારી કરીને એ બાળકને રકાબીમાં મૂકીને આપ્યો.

બાળકે તે લાડુને થોડોક ચાખીને તરત જ જણાવ્યું કે હવે લાડુ નથી ખાવો.

“બાળારાજા છે બાળારાજા” માતાજીએ હસતાં હસતાં જણાવ્યું; એને કોણ પહોંચી શકે? એની લીલાને કોણ અને કેવી રીતે જાણી શકે? આપણે એમની સાથે જેટલો પ્રેમમય અને સરળ વ્યવહાર કરીએ તેટલો ઓછો છે.

## (૩) માતાજીનું સ્વમાન

કોઇક સુવિચારશીલ સત્પુરુષે સ્વાનુભવના આધાર પર કહેલી પેલી શબ્દાવલિ સુપ્રસિદ્ધ છે કે જેના ઘરમાં મેવા-મીઠાઈ હોય, સુવર્ણના વરસાદ વરસતા હોય, અને એવા બધા બાહ્ય સુખોપભોગના ભંડાર ભરેલા હોય, પરન્તુ માન ના હોય, આદરભાવ ના હોય, અને અંતરનો સાચો પ્રેમભાવ ના ટપકતો હોય, એના ઘરમાં ભૂલેચૂકે પણ પ્રવેશ ના કરવો અને કોઇ કારણે પ્રવેશ કરાયો હોય તો વધારે વખત-સુધી રોકવું નહીં. એને ઉલટાવીને એવું પણ કહી શકાય કે જે ઘરમાં સુખોપભોગની સામગ્રી અતિશય અલ્પપ્રમાણમાં

હોય અથવા ના હોય; સહેજ અગવડ પણ હોય, પરન્તુ હૃદયનો સાચો પ્રેમભાવ અને આદર હોય, તે ઘરમાં આવશ્યકતા હોય તો સુખપૂર્વક, સહેજ પણ સંકોચ સિવાય, રહેવું પડે તો રહેવું.

સ્વાનુભવની એ શબ્દાવલિ મોટે ભાગે સ્વમાની આત્માઓને લાગુ પડે છે.

માતાજી જ્યોતિર્મયી એ સંદર્ભમાં સંપૂર્ણ સ્વમાની હતાં.

એની પ્રતીતિ કરાવતા પ્રસંગો એમના જ્યોતિર્મય જીવનમાં બનેલા.

ઇ. સ ૧૯૪૫ની વાત છે.

અમદાવાદના એક શ્રીમંતના બંગલામાં મારે થોડા વખત માટે રહેવાનું થયું. એ શ્રીમંત કુટુંબ અતિશય ધાર્મિક મનાતું. એના મુખ્ય વડીલ સદ્‌ગૃહસ્થનો સ્વર્ગવાસ થયેલો એટલે એમનાં ધર્મપત્નીએ મને સત્સંગનો લાભ લેવા અને એ દિવસોમાં અતિશય આવશ્યક એવા આશ્વાસનને મેળવવા માટે બોલાવેલો.

એમને મારી ઉપસ્થિતિથી લાભ થયો અને સાંત્વન સાંપડ્યું.

દોઢ બે મહિનાના નિવાસ પછી મારે પાછું હિમાલયના પુણ્યપ્રદેશમાં જવાનું થયું ત્યારે એકવાર માતાજી સરોડાથી એ બેનને મળવા અને મારા સંબંધી વાતચીત કરવા અમદાવાદ પહોંચ્યાં. એમના હાથમાં નાનકડી થેલી હતી.

પરન્તુ વિધિની વિચિત્રતા તો જુઓ. પેલાં બેને માતાજીને જોયાં, ઓળખ્યાં, તો પણ બોલાવ્યાં નહીં.



માતાજી લગભગ અડધા કલાક સુધી બંગલાના દિવાનખાનામાં બેઠાં તો પણ એમની પાસે કોઈ આવ્યું નહીં. કોઇએ પાણીનો કે ભોજનનો ભાવ પણ ના પૂછ્યો.

છેવટે માતાજી ઊભા થઇને પેલાં બેન પાસે જઇને હું જાઉં છું એમ કહીને ચાલી નીકળ્યા. એમને એ વિશાળ ભવનમાં વધારેવાર બેસવાનું ના ગમ્યું.

સવારના અગિયારેક વાગેલા. એ ચાલતાં ચાલતાં એલીસબ્રીજથી રાયપુર પહોંચ્યાં ને પોતાની પુત્રીને ત્યાં જઇને જમ્યાં તથા રહ્યાં.

એવાં સ્વમાની હતાં માતાજી.

——xx——

ભગવાનને સાથે રાખીને કામ કરવાથી જ પાપોથી રક્ષા થાય છે અને કાર્યમાં સફળતા મળે છે.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦

## "એને શામળિયો સંભાળે છે!"

જે શામળિયાનો થઈ જાતો,
એને શામળિયો સંભાળે છે!
જે નિશ દિન હરિના ગુણ ગાતો,
એને શામળિયો સંભાળે છે!

જે ભક્તોના છે ભયહારી, વળી શરણાગતનો સુખકારી;
એની લીલા છે સૌથી ન્યારી, જેણે ગોકુળમાં ગાયો ચારી;
જેણે જોડયો એનાથી નાતો,
એને શામળિયો સંભાળે છે!

એ દીનબન્ધુ-કરુણાસિન્ધુ, કરુણા ભકતો પર કરનારો;
શરણાગતનાં સંકટ સ્વામી, એ ક્ષણમાત્રમાં હરનારો;
જે ભકિત રસથી ભીંજાતો,
એને શામળિયો સંભાળે છે!

એનું નામ સદા પાવનકારી, વળી જગમાં છે મંગલકારી;
ભકતોને દેતો એ તારી, મહિમા એનો સૌથી ભારી;
જે દીન બની શરણે જાતો,
એને શામળિયો સંભાળે છે!

'જગદીશ' તો શરણે આવ્યો છે,
વળી ભાવની ભેટ જ લાવ્યો છે;

મારો છેલછબીલો શામળિયો, મનમોહન મનને ભાવ્યો છે;
જે મોહ થકી ના ભરમાતો,
એને શામળિયો સંભાળે છે!

જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)



# સહજાનંદ સ્વામીની કરૂણા

સત્સંગી

વડતાલની પાસે રસ્તા ઉપર એક પટેલની વાડી. વાડીમાં આંબાનાં વૃક્ષો. પરંતુ પટેલનો સ્વભાવ ખૂબ કંજૂસ. કદી કોઇને આંબાની એક કેરીય લેવા ના દે. ખૂબ ચોકી રાખે. રોજ રસ્તે જતા માણસો પટેલનો આ સ્વભાવ જાણે એટલું જ નહિ પણ ગામના બધા લોકો પટેલનો આ સ્વભાવ જાણે.

એકવાર બન્યું એવું કે ઉનાળામાં વડતાલથી બે પાળાઓ ગઢડા જઈ રહ્યા હતા. રસ્તે જતાં પટેલની વાડીના એક આંબાના વૃક્ષ નીચે વિસામો ખાવા બેઠા. ત્યાં અચાનક ઝાડ ઉપરથી બે સાખ પડી. (ઝાડ ઉપર અડધી પાકી ગયેલી કેરીઓ.) પાળાઓએ કેરીઓ જોઈ તો બન્ને આખી જરાય ભાંગી ન હતી વળી કેરીનું ફળ સરસ હતું એટલે એમણે સાખો લેતાં કહ્યું કે "ગઢડા બેત્રણ દિવસે પહોંચશું ત્યાં સુધીમાં તો આ સાખો સાવ પાકી જશે. એટલે શ્રીજી મહારાજને ભેટ ધરીશું. તમો કહો તે પૈસા આપી દઈએ."

પટેલનો સ્વભાવ લોભી હતો. પરંતુ શ્રીજી મહારાજને સાખો ધરાવવાની વાત સાંભળી એટલે આગ્રહ છતાં એણે પૈસા લેવાની ચોકખી ના પાડી. પાળાઓને આ જોઈ થોડું આશ્ચર્ય થયું. કારણ કે પટેલના લોભી સ્વભાવ વિષે એમણેય સાંભળ્યું હતું.

પાળાઓએ ગઢડા પહોંચી શ્રીજી મહારાજને બન્ને સાખો ભેટ ધરાવી. કેરીઓનો દેખાવ જ સરસ હતો. તેઓએ તે

ખૂબ પ્રેમથી ખાધી, કારણ કે એમનો સ્વાદ ખૂબ મીઠો હતો. મહારાજ તે જમીને ખૂબ પ્રસન્ન થયા. પછી બોલ્યા. "એ વાડીવાળા પટેલનું તો કલ્યાણ થશે. પરંતુ એ આંબાનુંય જરૂર કલ્યાણ થશે."

ભગવાન જેના ઉપર રાજી થાય છે તેની સદ્‌ગતિ થાય છે. એકલા મનુષ્યની જ નહિ. પરંતુ પશુની, પક્ષીની કે વૃક્ષની સહુની સદ્‌ગતિ સંતપુરુષો કરે છે. એવી એમની કરૂણા હોય છે.

પટેલની કંજુસાઈની પ્રકૃતિ શ્રીજી મહારાજનું નામ સાંભળતાં જ ઓસરી ગઈ. પ્રભુના કે પ્રભુના સંતોના નામમાં એવા ગુણો હોય છે. એટલે જ તો નામ સ્મરણનો મહિમા આટલો બધો ગાવામાં આવ્યો છે.

* * *

એક વખત શ્રી સહજાનંદ સ્વામી સાધુ સંતો સાથે અમદાવાદથી વિજાપુર તરફ જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં અડાલજ ગામ આવ્યું. ગામને ઝાંપે સુંદર વાવ જોઈ. એટલે નિત્યાનંદ સ્વામી વાવમાં પાણી લેવા ઊતર્યા વાવનું કોતરકામ એટલું બધું સરસ કે ગમે તેવા માણસનેય આકર્ષણ થયા વિના ન રહે.

વાવનાં પગથિયાં ઉતરતાં, વાવમાં એક લેખ જોયો. એમણે શ્રીજી મહારાજને લેખની વાત કરી તો તેમણે તેને વાંચવા કહ્યું.

લેખમાં એવી મતલબનું લખેલું કે "હું ક્ષત્રિય રાજાની દીકરી. પરંતુ મુસલમાન યુગમાં બાપાએ મને મુસલમાન નવાબને પરણાવી. પરંતુ ત્યાં રહીને પણ મેં મારા ધર્મની



મર્યાદાઓ પાળી. છેવટે મને એક સરસ પાણીની વાવ બંધાવવાનો વિચાર આવ્યો એટલે ઘણું ધન ખર્ચી આ વાવ બંધાવી છે. એમાં મારૂં નામ મેં મૂક્યું નથી કારણ કે મારૂં નામ રાખવાની મને કોઈ ઇચ્છા નથી. પરંતુ વાવ મારા કલ્યાણ માટે બંધાવી છે.

અનેક તરસ્યા જીવોને આ વાવનું જળ શાંતિ આપશે. એનો મને સંતોષ થશે.

મારા જીવન દરમ્યાન મને તો કોઇ સંતપુરુષ પ્રત્યક્ષ મળ્યા નથી. પરંતુ કાળ તો અનંત છે. એટલે ગમે ત્યારેય કોઈ સંત મહાત્મા આ વાવમાં ઉતરી પાણી પીશે તો મારૂં કલ્યાણ થશે. એમને મારૂં એવું કલ્યાણ કરવા વિનંતી છે."

લેખ વંચાઈ રહ્યો એટલે નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજ સામે જોયું. તો મહારાજ તો કંઈક ધ્યાનમાં ડૂબી ગયા હતા. એમની અંતર દૃષ્ટિ સમક્ષ અતીતનાં પડળ આઘાં ખસી ગયાં અને એ રજપૂત કન્યાના સંત પુરુષના સમાગમની પ્રબળ ઇચ્છા અને એમના સામર્થ્યમાંની શ્રદ્ધા માટે મનમાં માન થયું. આ જન્મે નહિ તો કોઇ કાળે પણ સંતપુરુષનો પરોક્ષ સંસ્પર્શ પામીને પોતાનો ઉદ્ધાર થશે એવી ઉત્તમ શ્રદ્ધાથી પ્રેરાઈને એ જીવે આ વાવ બંધાવી હતી, એ એની ઊંડી સમજ ને ભગવાનમાં ને સંત મહાત્માઓમાં શ્રદ્ધાને આભારી હતું.

પછી તો મહારાજે બધા સાધુસંતોને પાસે બોલાવી વાવ બંધાવનાર રજપૂતાણીના સંકલ્પની વાત કરી અને સહુ સંતોને વાવમાં સ્નાન કરવા કહ્યું. પોતે પણ વાવમાં સ્નાન કરવા પડ્યા. સંતો સાથે ખૂબ પ્રેમથી નાહ્યા અને વાવનું પાણી પણ ખોબે ખોબે પીધું. એટલું જ નહિ પણ ત્રણ ત્રણ

વાર બહાર નીકળી પાછા સ્નાન કરવા પડ્યા. જાણે કે એ રજપૂતાણીની જીવંત ભાવનાને પોતે પરિપૂર્ણ કરી રહ્યા ન હોય! એને પરિતૃપ્તિ થઇ જાય ત્યાં સુધી એ વાવના જલમાં જાણે કે તેઓ નાહતા રહ્યા.

મહારાજે વાવમાંથી બહાર નીકળતાં પેલા લેખ પાસે જઇ તેને સ્પર્શ કરી કહ્યું, "હે રજપૂતાણી બાઈ, તારું કલ્યાણ થજો. તારી કલ્યાણની ભાવના પરિપૂર્ણ થજો એટલું-જ નહિ, પરંતુ આ વાવ માટે જેમણે જેમણે કામ કર્યું હોય તે સહુ સલાટો, કડિયા, મજૂરો ને પોઠો (માલ પીઠ ઉપર લાવનાર બળદો) અરે એ કામ દરમ્યાન દબાઈને મરેલ કીડીઓ, મકોડીઓ સર્વનું કલ્યાણ થજો. અમે સંકલ્પ કરી સર્વને આશીષ આપીએ છીએ."

વાવમાંથી બહાર નીકળી મહારાજે કપડાં બદલી જ્યારે પ્રસ્થાન કર્યું, ત્યારે એમના મુખ ઉપર પ્રસન્નતા અને આનંદ દેખાતો હતો. વર્ષોથી સદ્ગતિ ઝંખતા એક આત્માને જાણે મુકિત પ્રદાન કર્યાનો સંતોષ એમના મુખ ઉપર વરતાતો હતો.

——xx——

## લવાજમ મોકલો

અધ્યાત્મનું પાંચમું વર્ષ ઓકટો ૮૩થી શરૂ થયું છે. વાંચકોને પોતાનું લવાજમ નીચેને સરનામે મની ઓર્ડરથી જલદીથી મોકલાવવા વિનંતી છેઃ-

નારાયણ હ. જાની તંત્રી અધ્યાત્મ, પ્લોટ નં ૧૯૮૮ બી, સરદારનગર ભાવનગર-૧ ૩૬૪,૦૦૦



# પૂજ્ય માતાજીની નોંધપોથીમાંથી સંકલન

શ્રી સર્વેશ્વરી

પરમપૂજ્ય શ્રીજ્યોતિર્મયી (પૂ. શ્રી યોગેશ્વરજીનાં માતાજી) ૧૯૪૮ થી એટલે કે સંવત ૨૦૦૪ થી કોઈ કોઈવાર પોતાની નોંધપોથીમાં નોંધ લખતાં.

ઇ. સ. ૧૯૪૪ માં હિમાલયની ગિરિકંદરામાં સાધનામાં મગ્ન રહેતા. શ્રી યોગેશ્વરજી ગુજરાત આવી રહ્યા છે. તે સમાચાર અને એ પછીની માતાજી પરની પ્રતિક્રિયા અહીં નોંધપોથીના એક પૃષ્ઠ ઉપરથી જોઈ શકાશે.

એમની નોંધમાં મહાત્માજી, બ્રહ્મચારીજી, પ્રભુપ્રેમીલાભાઇ કે ફકત ભાઇનો પણ જ્યાં ઉલ્લેખ છે તે પૂ. શ્રી યોગેશ્વરજી માટે કર્યો છે.

પૂજ્ય માતાજીનું ભણતર ગુજરાતી ચાર ચોપડી જેટલું હોવા છતાં તેમની સમજ, ભાવના, લેખનશકિત અથવા વિચારોને રજુ કરવાની ક્ષમતા કેવી અનોખી અને સચોટ હતી તેના પ્રત્યક્ષ પુરાવા રૂપે જોવા મળતી તેમની નોંધ-પોથીમાંથી વાચકોના લાભાર્થે સમય સમય પર જુદી જુદી સામગ્રી રજુ કરીશું.

આ રહી પૂ. માતાજીની નોંધઃ-

વાંચો આનંદ આવશે.

સંવત ૨૦૦૪ ના માગસર સુદ તેરશ ને વાર ગુરુવાર.

### ૐ મહાત્માજીકી જય હો.

પ્રભુપ્રેમીલા ભાઇની જય હો જય હો જય હો. જય જય જય જય જય જય હો. બ્રહ્મચારીજી ગુજરાત પધારે છે તે વધાઇના સમાચાર દિવાળી ગયા બાદ આવ્યા હતા તે ઉપરાંત કયારે જલ્દી વહેલી તકે પવિત્ર ભાઇના દર્શનનો લાભ મળી શકે રાત દિવસ બસ એજ ગાંડપણ. ખૂબજ તાલાવેલી રહેલ. હરનીશ પ્રભુપ્રાર્થના. તો ખરેખર દયાસાગર પ્રભુએ દયા કરી આનંદ આનંદની મજા કે પ્રેમી ભાઈ મનુભાઇના વઢવાણથી સમાચાર ભાઇ પધારેલ છે તેવા સમાચાર પ્રેમી-બેન તારાને મળ્યા. વધામણી મળતાંની સાથે જ બેને સરોડા માતાજીને પત્ર લખ્યો તો હું તો બસ એજ રાહ જોયા કરતી હતી તો તુરત સરોડાથી નીકળી. મંદિરીયામાં લાભ લુટતાં પ્રેમીબેનોને જયશ્રીકૃષ્ણ કહી સવારે નવ વાગતાં આવી અમદાવાદ. પ્રભુપ્રેમીલાભાઈ સીધા વઢવાણ પધારેલ તો મને તો એક પળ તો જુગ જેવી થઇ પડે. મને તો ખરેખર ભાઇના દર્શનના લાભની પળ પ્રભુ મેળવી આપે તેવી ઇચ્છા. નીકળી ઘેરથી તો કેટલો આનંદ ! સ્ટેશને આવી તો ચાર વાગતાં આવેલી સાંજે નવ વાગતાં ગાડી જવાની તે છતાં ત્યાં બેસી જ રહી. પાછુ ઘરે જવું ગમે જ કેમ ? બેન તારા બિચારી નિરાશ થઇ રાતના એકલાં ટ્રેઇનમાં જવુ વળી ટ્રેઇન બદલવી તો માતાજી સાચવજો. ભાઇને મારા ખૂબ જ પ્રેમથી જયશ્રીકૃષ્ણ કહેજો. વહેલી તકે આનંદ આપશો તેના પ્રેમનું વર્ણન થાય તેમ નથી. આવા મહાપુરુષ જે બેનના ભાઇ તો કંઈ બેનને દર્શનની ઇચ્છા ન થાય ! સર્વે ઇચ્છા પ્રભુ પૂર્ણ કરો એજ પ્રભુ પ્રાર્થના.



હવે પ્રભુની દયાથી એક ભાઇ એવા તો પ્રેમી મળ્યા કે માજી જરાપણ ગભરાશો નહીં. ચાલો મારી સાથે. રાતની ટ્રેઇન છે. વખત ઘણોજ ખરાબ તો મારી સાથેજ ચાલો. તે ભાઇને જામનગર જવાનું. મારે વઢવાણ કેમ્પમાં જવું તો પ્રભુ કેવો સાથ મેળવી આપે છે. કેટલો તે ભાઇનો પ્રેમ. ખરેખર જે પ્રભુની સાથે જ પ્રેમ કરતાં શીખે છે તેના આગળ કોણ પ્રેમ નથી કરતાં બસ. આપણામાં સત્યપ્રેમ જાગવો જોઇએ હવે સવારે ચાર વાગતા વઢવાણ આવ્યું તો જરા-પણ હરકત વિના પ્રેમીભાઈ મનુભાઇના નિવાસમાં બિચારા એક ભાઇ મૂકી ગયા. બધા સૂતેલ છે. આશ્રમનો દરવાજો પ્રભુ ઇચ્છાથી ખૂલ્લો જ છે. સાદ કરતાં પ્રેમીબેન કનક તથા પ્રેમીબેન લાભુબેન તે તો પ્રેમસાગર ભેટો થતાં માતાજીને જરાપણ ભ્રાન્તિ રહી નથી. હું તો ખરેખર બેનને સત્યપ્રેમ-થી ભેટી પડી. મનુભાઈ તે પણ ખૂબ જ પ્રેમાળ છે. કનકબેન પણ એવાં જ છે કે કેવાં માણસો સંસ્કારી ઇશ્વર ઇચ્છાથી જીવન સુખથી પસાર કરી બસ આનંદની જ મજા માણે છે. મને પણ કુદરતી પ્રેમ થયા કરે છે. તેમના જીવન સદા સુખી ઇચ્છું. એજ પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

બસ પ્રભુ પ્રેમીલાભાઇના નિવાસ પર આવી તો ભાઇ તો ધ્યાનમાં બેઠા હતા. બસ હું તો ભેટી પડી. આનંદનો લાભ લીધો. પ્રભુ તારી ગતિ ન્યારી છે.

પોતાનું જીવન ઇશ્વર પ્રેમમાં રંગી પોતાના આત્માનું કલ્યાણ કરવા ચાહના કરે છે. ખરેખર પુર્વના સંસ્કારોથી જ આવા માણસોમાં આનંદ પામવા તક પ્રભુ મેળવે છે. આ મહાન મોંઘો અવસરનો લાભ પણ સમજવો. સમજી લૂંટી શકવો તેમાં પણ પ્રભુની પૂર્ણકૃપાનું દાનની મહેર છે.

અહાહા. આ રંક માતાજી ભાઇના પવિત્રદર્શન નિહાળતાં હું તો ધન્ય બની ગઇ. બસ હું તો જોયા જ કરું. સત્યપ્રેમથી કરોડોવાર આશીષ આપી રહી છું. સંસારમાં જન્મ ધરી બસ પ્રભુની સાથે જ પ્રેમ જોડયો, જીવન ધન્ય કરી જીવનનું સાચુ સુખ પ્રાપ્ત કરી પૂર્ણ શાંતિ મેળવી.

પ્રભુ પ્રેમીલાભાઇનો એકી સરખો મધુરો મીઠો ભાવ. અમૃત ઝરતાં મીઠા મીઠા વાકયો જ્ઞાન ગંગાજીના પાન. કોને વિજોગી રહેવું ગમે. મને તો સાથે રહેવા ખૂબ જ ઇચ્છા પ્રભુ પૂર્ણ કરો એવી જ પ્રાર્થના. મને તો ખૂબ જ ઇચ્છા. મને ચાકર રાખોજી. ગિરધારીલાલ મને ચાકર રાખોજી મારી અરજી સ્વીકારી ઇચ્છા પૂર્ણ કરો પ્રભુ પ્રાર્થના.


## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧




# સામ્પ્રત ભારતના મહાન જ્યોતિર્ધર મહાત્મા શ્રી યોગેશ્વરજી

પ્રા. શશિકાન્ત કોન્ટ્રાકટર

ભારતવર્ષ સંતોની પુણ્યભૂમિ છે. ભારતવર્ષમાં જન્મ ધારણ કરનાર મહાપુરુષોમાં મહર્ષિ વાલ્મીકિ, વ્યાસ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, યોગાનંદ પરમહંસ, દયાનંદ સરસ્વતી, રવીન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી, મહર્ષિ અરવિંદ વગેરેનાં નામો ઉલ્લેખનીય છે. ભારતવર્ષના ગગનમંડળમાં જે નક્ષત્રોનો ઉદય થયો એમાં મહાત્મા યોગેશ્વરજીનું સ્થાન ગરિમામય છે.

મહાત્મા યોગેશ્વરજી સામ્પ્રત ભારતના મહાન જ્યોતિર્ધર છે. ઇતિહાસનું નિર્માણ કરનાર યુગ પુરુષ છે. જેમનો ઉદય મહિમામય ભારતીય ક્ષિતિજ પર થયો છે. મહાત્મા યોગેશ્વરજી સિંધુ નથી, બિંદુ નથી પરંતુ બિંદુ અને સિંધુમાં તરંગ લાવનાર નિષ્કલંક ઇંદુ છે. ગુજરાત, ભારત અને વિશ્વ માટે એક આનંદ ઘટના છે કે યોગપ્રજ્ઞાની પ્રચ્છન્ન ગંગા યોગેશ્વરરૂપી આધુનિક ભગીરથ દ્વારા ધરતીના કણ-કણને પાવન કરતી વહેવા લાગી છે અને માનવ ફૂલવાડીને ફળફૂલથી સમૃદ્ધ કરવા તલપાપડ થઈ રહી છે. એઓશ્રી અનેક આધ્યાત્મિક પિપાસુઓને જ્ઞાનજળ પાઇ તૃપ્ત કરે છે.

એમનું જીવન સાધકોની જીવન નૌકા માટે દીવાદાંડી સમાન છે. બહુ નાની વયે હિમાલયવાસ કર્યો. દેવપ્રયાગ નજીકની ટેકરી પરની કુટિરમાં તથા દશરથાચલ પહાડ પર

સતત સાત વર્ષ સુધી–એમાંના પાંચ વર્ષ તો સંપૂર્ણ મૌન પાળી તપશ્ચર્યા તથા તીવ્ર સાધના કરી અને સાધનાના સુમેરૂ શિખરો સર કર્યાં. એમને મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ, શ્રીકૃષ્ણ, ભગવાન શંકર, મા જગદંબાના સાક્ષાત્ દર્શન થયાં. એમને સદેહ તથા વિદેહ સંતપુરુષોના દર્શન થયાં છે દા. ત. નારદમુનિ, ભગવાન રમણ મહર્ષિ, સંત જ્ઞાનેશ્વર, શિરડીના મહાન સંત સાઈબાબા, ભકત જલારામ, સ્વામી સહજાનંદ, મહાત્મા ગાંધીજી વગેરે.

મને અને હવે તો કેટલાક વિદેશીઓને પણ એમના વ્યકિતત્વનું એક પાસુ સ્પર્શે છે તે છે તેમનો સાચો ત્યાગ. મહાત્માજી એક સાચા ત્યાગી પુરુષ છે. ઇંગ્લેંડ, અમેરિકા, કેનેડા, ઝામ્બિયા તથા દક્ષિણ આફ્રિકામાં પણ એમણે એક સાચા સંતપુરુષની, આદર્શ ત્યાગી મહાત્માની પ્રતિભા ઊભી કરી. એમના સત્સંગથી પ્રભાવિત થઇ એક વિદેશી સજ્જન આશ્રમ માટેની વિશાળ જગ્યા આપવા તૈયાર થયા તો એમણે કહ્યું, "હું આશ્રય કરવા અહીં આવ્યો નથી." કેટલો મહાન ત્યાગ ! આપણા કેટલાયે ભારતીય સંતોએ ત્યાં સામેચાલીને આશ્રમો વસાવ્યા છે, મિલ્કતો ઊભી કરી છે ત્યાં કેટલાક સ્થળે એક કલાકના ધ્યાનના લગભગ ૪૦ પાઉન્ડ લેવામાં આવે છે. આ ત્યાગી મહાત્માએ કોઇપણ જાતની ફી લીધા સિવાય ધ્યાનના કાર્યક્રમોનું સંચાલન કર્યું.

મહાત્મા યોગેશ્વરજી આદર્શ માતૃભકત છે. એઓશ્રીએ ઈશ્વરની મારૂપે આરાધના કરી છે અને પોતાની જનેતાને પણ એટલી જ આરાધ્ય સમજી છે. હિમાલયની દિવ્યભૂમિમાં સાધનાકાળ દરમ્યાન એમણે પૂજ્ય માતાજીને સાથે રાખ્યાં. એટલું જ નહિ. બે વખત વિદેશ યાત્રામાં પણ પૂ. માતાજીને



સાથે લઈ ગયા. ભાવનગરની એમની અંતિમ માંદગી વખતે હોસ્પિટલના ખંડમાં એમની રાત-દિવસ ઉજાગરા સહિતની સતત સેવા કરી. યોગેશ્વરજી જેવા પુત્રરૂપી ભગવાનના સાન્નિધ્યમાં એમણે અંતિમ શ્વાસ લીધો. એ સંતોષનો, તૃપ્તિનો શ્વાસ હતો. એમની ગતિ–સદ્ગતિતો નિશ્ચિત જ હતી છતાં એક આદર્શ ગૃહસ્થપુત્રને છાજે એ રીતે એમની અંતિમ ક્રિયાઓ કરી. અસ્થિ વિસર્જન પણ પવિત્ર સ્થળોએ કર્યું, બ્રહ્મભોજન વગેરે બધું જ કર્યું. પૂ. મહાત્માજીની વિશિષ્ટ લાક્ષણિકતાતો એ છે કે એમણે અવિનાશી અમર અક્ષરદેહમાં પૂ. માતાજીનું તર્પણ કર્યું. 'તર્પણ' કાવ્યસંગ્રહ એનું જ પરિણામ છે.

એમના વ્યકિતત્વની બીજી લાક્ષણિકતા દર્શાવવાનું મન થાય છે. મહાત્મા યોગેશ્વરજી ભારતીય સંસ્કૃતિના વ્યાખ્યાતા સાહિત્યકાર છે. એમના ગ્રંથોમાં ભારતીય સંસ્કૃતિ બોલે છે. એમણે ભારતીય સંસ્કૃતિને આત્મસાત્ કરી છે. તેથી જ વિદેશોમાં પણ એઓશ્રી ભારતીય સંસ્કૃતિનો પ્રચાર તથા પ્રસાર સફળતાપૂર્વક કરી શકયા.

ભગવતી સરસ્વતીનો કૃપાપ્રસાદ પામેલ શ્રી. યોગેશ્વરજીએ ગુજરાતી ભાષામાં અનેક ગ્રંથરત્નો આપ્યાં છે. એઓશ્રી બહુ જ ઊંચીકોટિના ગદ્યલેખક અને કવિ છે. લગભગ સો ગ્રન્થો પ્રકાશિત થઇ ગયાં અને હજી પણ એમનું લેખનકાર્ય અવિરત ચાલુ જ છે. એઓ રસસિદ્ધ કવિ છે. એમના ચાર કાવ્યગ્રંથો 'ગાંધી ગૌરવ', 'કૃષ્ણરુકિમણી', 'રામાયણ દર્શન' તથા 'તર્પણ' તો ગુજરાતી સાહિત્યમાં જ નહિ પરંતુ વિશ્વ સાહિત્યમાં અમર રહે એવા છે. 'સમર્પણ' એ એમની રામાયણને નૂતન રીતે રજૂ કરતી ઐતિહાસિક નવલકથા છે

તો ‘ ઉત્તર પથ ’ મહાભારતને નવલકથા સ્વરૂપે વ્યકત કરતો ગ્રન્થ છે. ‘ પ્રેમભકિતની પગદંડી, સાધના, આરાધના, ઉપનિષદનું અમૃત, યોગદર્શન, યોગમીમાંસા એમના આધ્યાત્મિક જ્ઞાન પ્રદર્શિત કરતા સુંદર ગ્રન્થો છે. ‘ પ્રકાશના પંથે ’ પૂ. મહાત્મા યોગેશ્વરજીની આત્મકથા છે જેમાં એમણે આકરૂં તપ કરી પ્રકાશના પંથે આગળને આગળ વધતાં અંતે પરમકૃપાળુ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો એની વિગત તટસ્થપણે આલેખી છે. એમાં એમણે બે ચોંકાવનારી છતાં સત્ય બાબતો પર પ્રકાશ પાડયો છે ( ૧ ) મહાત્મા યોગેશ્વરજી પુર્વજન્મમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ હતા તથા (૨) મહાત્મા ગાંધીજી પૂર્વજન્મમાં નરસિંહ મહેતા હતા. ભારતમાં જ નહિ, જગતના આધ્યાત્મિક ઈતિહાસમાં આ આત્મકથાનું સ્થાન મૂર્ધન્ય રહેશે.

પૂજ્ય મહાત્માજી યોગી છે, ત્યાગી છે, ચિંતક છે, દાર્શનિક છે, વ્યાખ્યાતા અને ગ્રન્થકાર છે. એઓશ્રી સાહિત્યિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે ત્રિવેણી સંગમ સાધનાર મનીષી છે. એમના બહુમુખી વ્યકિતત્વથી કોણ પ્રભાવિત ન થાય ! એમનામાં યોગીઓને યોગ મળે છે, કર્મશીલને કર્મ મળે છે, ભકતોને ભકિત મળે છે, તથા કાવ્યરસિકોને કાવ્ય-મળે છે. રસસિદ્ધ કવિવરો માટે સંસ્કૃત ભાષામાં એક ઉકિત પ્રચલિત છે તેમાં એક શબ્દનો ફેર કરી પૂજ્ય મહાત્માજી વિષે ઉચિતપણે કહી શકાય.

‘ जयन्तिनो सुक्रतिनो रससिद्धाः योगेश्वराः ।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ॥ ’


# ૧૦ વર્ષે ત્રણ ગણા
## અને સાથોસાથ સુરક્ષા



## સામાજિક સુરક્ષા પત્રો

- આ પત્રો રૂા. ૫૦૦ તથા ૧૦૦૦ ના મૂલ્યમાં મળી શકશે.
- પાકતી મુદતે વાર્ષિક ૧૧.૬૧ ટકા ચ.વૃ. વ્યાજ થાય છે.
- ૧૮ થી ૪૫ વર્ષની વચ્ચેની ઉંમરની કોઇપણ તંદુરસ્ત વ્યક્તિ આ યોજનાનો લાભ લઇ શકશે. આ માટે તબીબી પ્રમાણપત્રની જરૂર નથી.
- સુરક્ષાપત્ર ખરીદીથી-(૧)બે વર્ષ દરમિયાન અકસ્માતથી બિનકુદરતી મૃત્યુ થાય અથવા (૨) બે વર્ષ પૂરાં થયા બાદ કોઇપણ કારણસર મૃત્યુ થાય તો કાયદેસરના વારસદારને ત્રણ ગણી રકમ તુરતજ ચૂકવવામાં આવશે, જે કરમુક્ત રહેશે.
- રોકાણ મર્યાદા-વ્યકિતદીઠ રૂા. ૫૦૦૦ સુધી

વિશિષ્ટ સવલતો:
- વારસ મિયુક્તિની સગવડ છે.
- જરૂર પડયે ત્રણ વર્ષ બાદ વટાવી શકાય.
- ઓળખપત્રની સગવડ છે.
- રૂા. ૧,૬૫,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્તિ મળે છે.
- અન્ય માન્ય જામીનગીરીઓના રોકાણ પર રૂા. ૪,૦૦૦ ના કરકમુક્તિ વ્યાજના લાભો ઉપરાંત આ પત્રો ઉપર વધુ રૂા. ૨૦૦૦ સુધીનું વ્યાજ કરમુક્તિને પાત્ર છે.

વધુ માહિતી માટે :
નજીકની પોસ્ટ ઓફિસ; જિલ્લા કલેકટર કચેરી; નાયબ નિયામક, નાની બચત-રાજકોટ,વડોદરા, અમદાવાદ; રાષ્ટ્રીય બચત સંસ્થા, લાલ દરવાજા અમદાવાદ કે અધિકૃત એજન્ટોનો સંપર્ક સાધો.

–કમિશનર, નાની બચત અને રાજ્ય લોટરી, ગુજરાત રાજ્ય.

નાની બચતમાં નાણા વધે-નર્મદા યોજના આગળ ધપે

# શ્રીમદ્ ભાગવત સુધા

પ્રા. જનાર્દન દવે

શ્રીમદ્ ભાગવતમાં ' ભાગવત ' શબ્દનો અર્થ ભગવાનને વરેલા સંતો એવો થાય છે એમ આપણે બે અંકોથી વિચારતા આવ્યા છીએ. શ્રીમદ્ ભાગવતમાં માત્ર શ્રીભગવાનનાં કે અવતાર સ્વરૂપોનાં જ લીલાચરિત્રો નથી પરંતુ ભગવદ્ ભકત સંતોનાં પણ સ્કંધે સ્કંધે ચરિત્રો છે. ગયા વખતે શ્રી શુકદેવજી અને શ્રી ગોપીજનો વિષે આપણે વાત કરતા હતા આ અંકમાં આપણે બીજા એવા 'ભાગવત' સંતોનાં ચરિત્રો પર નજર નાખશું.

(૩) અંબરીષઃ—અંબરીષ કંઇ સાધારણ રાજા નથી પણ તે સપ્ત દ્વીપવાળી સંપૂર્ણ પૃથ્વીના સમ્રાટ છે અને નાશ ન પામે તેવી લક્ષ્મી અને અતુલનીય વૈભવ ધરાવે છે.

अम्बरीषो महाभागः सप्तद्वीपवतीं महीम् ।
अव्ययां च श्रियं लब्ध्वा विभवं चातुल भुवि ॥

છતાં પુરુષોને દુર્લભ એવી આ બધી સામગ્રીને स्वप्न-संस्तुतम् સ્વપ્ન જેવું માને છે. ભગવાન વાસુદેવમાં અને ભગવદ્ ભકતોમાં પરમભકિતવાળા આ રાજર્ષિને વિશ્વનો વૈભવ તો માટીનાં ઢેફાં સમાન લાગે છે.

वासुदेवे भगवति तद्भक्तेषु च साधुषु ।
प्राप्तो भावं परं विश्वं येनेदं लोष्टवत्स्मृतम् ॥

પોતાની સર્વ ઇંદ્રિયો વડે તેઓ ભગવાનના અનન્ય ભકત બની રહ્યા. " તેમનુ મન શ્રીકૃષ્ણનાં ચરણોમાં રમતું હતું,



વાણી વડે ભગવાનના યશ ગાતા હતા, કર્ણો વડે ભગવત્કથા સાંભળતા હતા બન્ને હાથ વડે હરિમંદિરમાં સંમાર્જન, સંલેપન કરતા હતા. નેત્રોવડે પ્રતિમાઓનાં દર્શન કરતા હતા. મસ્તકનો ઉપયોગ પ્રણામમાં કરતા હતા. નાસિકા વડે ભગવાનને અર્પિત થયેલ તુલસીજીની સુગંધ લેતા હતા અને ભગવાન પાસે कामं च दास्ये न तु कामकाम्यया । દાસપણું માગતા હતા અન્ય કોઇ કામના કરતા ન હતા, સ્વધર્મપાલનથી શ્રીહરિને પ્રસન્ન કરતા તેમણે સંસારની સર્વ આસકિતઓ ત્યજી દીધી હતી.

स्वधर्मेण हरिं प्रीणन् सङ्गान् सर्वान् जहौ शनैः ભાગવતમાં અંબરીષજીની ભકિતને એકાંતિક ભકિત કહી છે. એક પરમાત્મામાં જ સર્વનો અંત કરીને માત્ર પરમાત્મમય બની ગયા હોય તેવા ભક્તો એકાન્તિક ભકતો કહેવાય છે. અંબરીષ અને તેમની જેવા ભકતોના સંદર્ભમાં જ ભગવાન દુર્વાસાજીને કહે છે. " જેમણે મારા માટે પત્ની, પુત્રો, ઘર, સ્વજનો વગેરે છોડી દીધેલ છે અને મારા શરણે આવેલા છે તેમને હું કેમ ત્યજી શકું ? હું સંતોનું હૃદય છું, સંતો મારું હૃદય છે. તેઓ મારી વિના કંઈ જાણતા નથી, હું તેમની સિવાય અન્ય કંઇ પણ જાણતો નથી, દુર્વસાજી પોતે પણ બોલ્યા છે કે " આજે મને અનંત ભગવાનના સેવકોનું મહત્વ જોવા મળ્યું. હે મહારાજ, તમારો મેં અપરાધ કર્યો છતાં તમે તો મારું મંગલ જ ઇચ્છતા હતા.

( ૪ ) શ્રીનંદબાબા:—શ્રીમદ્ ભાગવતમાં શ્રી નંદચરિત્ર ઓછું છે પણ એક પ્રસંગ બહુ માર્મિક છે. આ એક જ પ્રસંગ પરથી તેમનો મહિમા સમજાય છે. શ્રી ઉદ્ધવજી મહારાજ પ્રભુનો સંદેશ લઇ વ્રજમાં પધાર્યા અને ચાર–છ

મહિના રહ્યા. તેઓ પાછા મથુરા પધારતા હતા ત્યારે શ્રી નંદબાબા કહે છે કે " શ્રી ભગવાનને મારી વિનંતી પહોંચાડજો કે અમારા મનની વૃત્તિઓ શ્રીકૃષ્ણનાં ચરણારવિંદમાં રમી રહે, વાણી વડે અમે હરિ નામ સંકીર્તન કર્યા કરીએ, શરીર વડે તેમનાં ચરણોમાં વંદનાદિ કરતા રહીએ. વળી આ જન્મમાં અમે જે કંઇ પણ મંગલ કર્મો અને દાનપુણ્ય કર્યા છે તેનાં પરિણામરૂપે અમે કર્મવશાત્ ભલે ગમે તે યોનિઓમાં જઇએ, કે ભગવાન અમને જ્યાં જન્મ આપવા ધારે ત્યાં ભલે જઈએ પણ પેલાં મંગલકર્મો અને દાનપુણ્યથી અમારી પ્રીતિ ઈશ્વર શ્રીકૃષ્ણમાં જ બની રહો. "

कर्मभिभ्राम्यमाजानां यत्र क्वापीश्वरेच्छया ।
मंगलाचरितै दानैरति नः कृष्ण ईश्वरे ॥

(૫) શ્રી પ્રહ્‌લાદજીઃ-પ્રલોભનો કે મૃત્યુ થાય તેવા કેટલાયે પ્રસંગોમાંથી પસાર થવા છતાં ભકિત ત્યજતા નથી " શિર સાટે નટવરને વરીએ " એ વાત પ્રહ્‌લાદજીમાં ચરિતાર્થ થાય છે. ઘર અને સંસારનાં સુખો તેમને અસહ્ય લાગે છે અને આવા અસહ્ય પદાર્થોનાં ગ્રહણમાં બુદ્ધિ ખૂબ જ ઉદ્વેગવાળી બનીને આત્માનું અકલ્યાણ સર્જે છે એટલે વનમાં જઇ શ્રીહરિનો સમાશ્રય કરવો એ શ્રેષ્ઠ માર્ગ છે એમ તેઓ માને છે. ભગવાનની નવધાભકિત શ્રેષ્ઠ સાધન માનનારા પ્રહ્‌લાદજી, નૃસિંહ ભગવાન તેમને વરદાનો માગવા જણાવે છે છતાં કંઇ માગતા નથી પ્રભુ બહુ આગ્રહ કરે છે ત્યારે " આપની પાસે હું એવું વરદાન માગું છું કે મારાં મનમાં કદી પણ કોઇ ઈચ્છા જ ન જાગે. " પ્રહ્‌લાદજી મન ઇંદ્રિયોનાં સુખો ખરજવાની ખંજવાળ જેવાં છે તેઓ



નૃસિંહ ભગવાનના ભયાનક સ્વરૂપથી ડરતા નથી પણ વિષય સુખોથી ડરે છે.

(૬) વૃત્રાસુરઃ-જન્મથી જ રજોગુણી તમોગુણી શરીર મળ્યું હોવા છતાં વૃત્રાસુરનો ભગવત્પ્રેમ જોઇ રાજા પરીક્ષિતને પણ આશ્ચર્ય થાય છે. શ્રી શુકદેવજી મહારાજ તેના પૂર્વજન્મની વાત કહે છે કે તે શૂરસેન દેશનો ચિત્રકેતુ રાજા હતો. પુત્ર માટે તેની તીવ્ર ઝંખના હતી. અંગીરા ઋષિની સેવાથી તેને પુત્ર તો પ્રાપ્ત થયો પણ પુત્રની સાવકી માતાઓએ પુત્રને ઝેર પાઇ દેતાં રાજા પોતાની રાણી સાથે શોક વિમૂઢ બની ગયો. પાછળથી વૈરાગ્ય પ્રાપ્ત થતાં તે સંકર્ષણ ભગવાનનો ભકત થયો. મૃત્યુ પછી તે વિદ્યાધર બન્યો અને વિમાનમાં બેસી કલાસ પર ગયો, ત્યાં શિવજીની રહસ્યમય લીલા ન સમજાતાં તેણે શિવની મશ્કરી કરવા માંડી. પાર્વતીએ તેને અસુર થવાનો શાપ આપ્યો ત્યારે તે કહે છે, " મેં અપરાધ કર્યો માટે ક્ષમા માગું છું પણ આપના શાપથી હું ડરતો નથી, ભકતોને શાપ અને વરદાન સમાન જ હોય." વૃત્રાસુર યુદ્ધ વખતે પણ ભગવાનને પ્રાર્થના કરે છે " હું હવે પછીના જન્મમાં પણ આપના દાસનો દાસ બનું. પાંખ વિનાનાં બચ્ચાં જેમ માતા વિના તરફડે તેમ હું આપની વિના વ્યાકુળ છું. મારે આપની વિના સ્વર્ગ, સામ્રાજ્ય કે બ્રહ્માનું પદ પણ ન જોઇએ. હવે પછી મારો જ્યાં જન્મ થાઓ ત્યાં મને સંતોનો સંગ મળો. "

# ઈન્દ્રિયાતીત ધ્યાન–એક અધ્યયન પ્રયાસ

ભાઇલાલભાઈ છાટબાર

(પૂ. મહર્ષિ મહેશયોગીશ્રીના વૈજ્ઞાનિક અભિગમ).

**ભૂમિકાઃ**-ઈન્દ્રિયાતીત ધ્યાન Transcendental Meditation માં (૧) અંતરાકાશમાં ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને વ્યક્તિગત આત્મચેતના (૨) ભૂતાકાશમાં મનુષ્યેતર જીવો, વનસ્પતિસૃષ્ટિ, જડચેતન જગતની પાષાણાદિ વસ્તુઓ તથા (૩) અંતરાકાશ અને ભૂતાકાશ વચ્ચે દેહાકાશની તરતી મૂકેલ સપ્ત ધાતુઓ—એમ ત્રણ હકીકતોને લઇને આગળ ચાલવામાં આવે છે.

**વાસના જાળનું જોરઃ**-જીવાત્મા ચૈતન્ય-સ્વરૂપે રહીને પ્રાણ વડે આ ત્રણેય આકાશમાં પક્ષીની પેઠે સંચાર કરતો હોય છે અને ત્યાંના સંપર્કોથી (૧) તે કાંઈક માની બેસે છે (૨) પોતાની ઉપર વાસનાની જાળ નિર્માણ કરે છે અને (૩) વાસનાની આ જાળના જોરે પછી વારંવાર તેના તે જ ત્રણ આકાશ સાથે સંબંધ રાખતો હોય છે. વાસનાની જાળનું જોર તેને આ ત્રણેય આકાશના સંબંધમાંથી મુકત થવા દેતું નથી એટલે કે તે જન્મમૃત્યુના ફેરામાં પડે છે.

**ધ્યાનનું લક્ષ્યબિન્દુઃ**-ભૂતાકાશમાં વિચરતી અને ત્યાં જ વેડફાઈ જતી પ્રાણશક્તિને ત્યાંથી ઉપાડી લઈ દેહાકાશમાં સીમિત કરીને અને પછી તે પ્રાણશકિતને (૧) અંતરાકાશમાં વિચરતી રાખવાની અને (૨) ઇન્દ્રિયાતીત તથા મનાતીત અવસ્થા પ્રાપ્ત કરવાની કળા ધ્યાનયોગ બતાવે છે.



**પાર્થિવ સૃષ્ટિથી 'પર' તત્ત્વઃ**-દ્રવ્ય કે શબ્દનો સચેતન એવો પ્રપંચ જ્યાંસુધી મનમાં રહે છે ત્યાંસુધી ઊંચી અને શ્રેષ્ઠ સમજ આવતી નથી. તત્ત્વજિજ્ઞાસુ માણસ દ્રવ્યદૃષ્ટિ ફેંકી દેશે, શબ્દોની એટલે કે શબ્દશાસ્ત્રની દૃષ્ટિ ફેંકી દેશે અને આંતરચેતનામાં ડૂબી જઈ જ્ઞાનને સમજી લેશે.

भूतसृष्टिं परित्यज्य शब्दसृष्टिं तथैव च ।
सृष्टिमात्रं परित्यज्य यत्तत् परं तत् त्वं भव ॥

(ભૂતસૃષ્ટિ, શબ્દસૃષ્ટિ અને સમગ્ર સૃષ્ટિને ત્યજી દઈને, તેનાથી પર જે તત્ત્વ છે, તે તું બન, આત્મસ્થ થા.)

**મગજમાં પ્રવાહિત વીજળી તરંગોઃ**-મગજમાં વીજળી-તરંગો સતત વહેતા રહે છે. આ વીજળી-તરંગની શકિત એક વોલ્ટના એક લાખમા ભાગ કરતાં પણ ઓછી હોય છે. એવો વીજળી-તરંગ માનવમગજમાં બેથી ત્રણ સેકંડમાં એક વખત પ્રવાહિત થાય છે. માનસિક તંગ અવસ્થામાં કેટલીક વખત એક સેકંડમાં ૪૦ થી પણ વધુ તરંગો ઉત્પન્ન થાય છે.

**વીજળી તરંગોનું વર્ગીકરણઃ**-વીજળી તરંગો ટૂંકમાં ઇ. ઇ. જી. [E.E.G=Electroensefalogram] તરીકે ઓળખાય છે. હાર્વર્ડના ડો. હર્બર્ટ બેન્સન, ડો. વોલેસ, ફેનવિક અને ભારતીય વૈજ્ઞાનિક જી. એસ. છીનાએ આ તરંગોના ચાર પ્રકાર અને તેનાં લક્ષણો આ પ્રમાણે ગણાવ્યાં છેઃ-(તરંગોનાં ચાર સ્વરૂપ)

**૧. આલ્ફાઃ**-તંદુરસ્ત અને જાગ્રત વ્યકિતના મગજમાં તે ૮ થી ૧૩ વખત ઉત્પન્ન થાય છે. ( આંખ ) બંધ કરતાં

તેની સંખ્યા વધે છે.

૨. **બીટા:**-ચોક્કસ વસ્તુ કે વિચાર પ્રત્યે એકાગ્ર થતાં કે જરા સરખી પણ ઉત્તેજના વ્યાપતાં આલ્ફાનું સ્થાન બીટા લે છે. આ તરંગો દર સેકંડે ૧૩ થી ૩૦ ની સંખ્યામાં ઉત્પન્ન થાય છે.

૩. **થીટા:**-લાગણીવશતા (ભાવવિભોરપણું) ઊંડું ધ્યાન કે ઊંઘનો આરંભ—આ અવસ્થામાં થીટા તરંગો દર સેકંડે ૫ થી ૭ ની સંખ્યામાં ઉત્પન્ન થતા હોય છે.

૪ **ડેલ્ટા:**-ઊંડી ઘસઘસાટ ઊંઘમાં આ ડેલ્ટા-તરંગોની ઉત્પત્તિની સંખ્યા દર સેકંડે સૌથી ઓછી એટલે કે માત્ર (૦૫ થી ૪) અડધાથી ચારની વચ્ચે હોય છે.

**ડૉ. બેન્સન ડૉ. વોલેસનું પ્રદાન:**-ડૉ. હર્બર્ટ બેન્સન અને ડૉ. વોલેસના સંયુક્ત સંશોધન દ્વારા ઇન્દ્રિયાતીત ધ્યાન (T.M.) ના ક્ષેત્રે નીચેની બાબતો ફલિત થઇ છે:- (૧) ખૂબ જ શાંત અને સ્વસ્થ વાતાવરણમાં ધ્યાનની માનસિક પ્રક્રિયાનો પ્રતિભાવ આસાનીથી મળી શકે છે. (૨) નિષ્ક્રિય વલણ એટલેકે આંતર્-બાહ્ય દબાણનો ઉપયોગ ના હોવો જોઇએ કેમકે આવા દબાણની અવળી અસર થાય છે. (૩) બેઠક આરામદાયક હોવી જોઇએ એટલે કે ધ્યાન દરમ્યાનનું આસન વ્યકિત માટે સરલ અને અનુકૂળ હોવું જોઇએ કે જેથી સ્નાયુઓનું હલનચલન નહિવત્ થઇ જાય. (૪) કોઈ એક ૐ જેવા શબ્દનો કે કોઈક ચોક્કસ સ્વરનો માનસિક ઉદ્દીપક તરીકે ઉપયોગ કરવાથી લાભ થાય છે. આ અતિ મહત્ત્વનું છે. (૫) આપોઆપ આવનાર શાંતિના ઊંડા અનુભવની નિરપેક્ષ ચિત્તે ધીરજપૂર્વક પ્રતીક્ષા કરવાથી



ધ્યાનાવસ્થાની પ્રાપ્તિ થાય છે. આરામ અને શાંતિ આપમેળે આવી મળે છે. શાંતિના ઊંડા સ્તરની ચિન્તા કરવાની જરૂર નથી. (૬) શ્વાસપ્રશ્વાસ સાથે ૐ બોલવાનું ચાલુ રાખ્યા કરવાનું અને તેવી રીતે એકાગ્ર થતાં કોઈ બીજો વિચાર મનમાં પ્રવેશે તો એની સદંતર અવગણના કરવાથી પ્રગતિ થાય છે. (૭) ચિન્તાગ્રસ્ત અને માનસિક ઉત્તેજના અનુભવતા માણસની ચામડીની પ્રતિકારશકિત ઘટી જાય છે. (૮) ધ્યાન દરમ્યાન ચામડીની પ્રતિકારશકિત વધે છે. એનો અર્થ એ થાય કે ચિન્તાના મનોરોગ (Anxiety Neurosis) થી પીડાતા માણસોને ધ્યાનથી ફાયદો થાય છે.

**ડૉ. બેન્સન, ડૉ. વોલેસ અને જે. એલિસનનું પ્રદાન:**-આ ત્રણ વૈજ્ઞાનિકોના સંયુક્ત સંશોધન આ પ્રમાણે છે:- (૧) હૃદયના ધબકારામાં, શ્વાસ-પ્રશ્વાસની ગતિમાં અને બ્લડપ્રેસ્યરમાં ઘટાડો ધ્યાન દરમ્યાન માલૂમ પડે છે. (૨) ધ્યાનાવસ્થામાં લેવાતા પ્રાણવાયુમાં ૧૭% ઘટાડો થાય છે. (૩) ધ્યાનસમયે હૃદયદ્વારા બહાર ફેંકતા લોહીના જથ્થામાં ઘટાડો થાય છે. (૪) ધ્યાનના પ્રયોગથી ઊંચા લોહીદબાણવાળા દર્દીઓની તકલીફોમાં ૮૦% ઘટાડો જોવા મળે છે.

**કોરીનું પ્રદાન:**-કોરી નામના વૈજ્ઞાનિકનું એવું સંશોધન છે કે ધ્યાનથી ફેફસાંની હવા ખેંચવાની તાકાત ૨૫% વધે છે. તે કહે છે કે ધ્યાનથી ફેફસાની ચુસ્તતા ઘટે છે અને તેથી દમના દર્દમાં અસરકારક લાભ થાય છે. એલિસને શ્વાસપ્રશ્વાસની ગતિમાં નોંધપાત્ર ઘટાડાની નોંધ સ્વતંત્ર પ્રયોગ દ્વારા દેખાડેલી તેના અનુસંધાને કોરીના પ્રયોગનું વિશેષ નિરીક્ષણ એ છે કે ધ્યાનાવસ્થા દરમ્યાન પ્રત્યેક શ્વાસે તથા સરવાળે પ્રત્યેક મિનિટના કુલ પંદર શ્વાસ વખતે,

સામાન્ય સ્થિતિમાં લેવામાં આવતી હવા કરતાં ઓછી હવા લેવામાં આવે છે. કોરીનું આ સંશોધન વધુ આગળ ચાલે તો સંભવ છે કે દમના રોગી માટે ધ્યાન એક અસરકારક ઈલાજ પૂરવાર થઈ શકે.

**અન્ય વૈજ્ઞાનિકોનું પ્રદાનઃ**-ડો. વોલેસ સાથે મળી ઓર્મિ, જહોન્સન, લવેંડર અને રિચર્ડ એટલે કે આ પાંચ વૈજ્ઞાનિકોએ પોતાનું સંયુક્ત સંશોધન આ પ્રમાણે નોંધ્યું છેઃ-(૧) ધ્યાનાવસ્થામાં ચામડીની પ્રતિકાર શક્તિ વધે છે એટલે ધ્યાનથી ચિન્તાના મનોરોગથી પીડાતા દર્દીઓને લાભ થાય છે. (૨) ચામડીમાં આવેલ સુસૂક્ષ્મ નળીઓ ધ્યાન દરમ્યાન ખુલે છે અને લોહીનું પ્રસરણ સરળ થાય છે. લેવેંડર અને રિચર્ડ આ બે વૈજ્ઞાનિકો નોંધે છે કે ધ્યાનાવસ્થામાં કોણીથી કાંડા સુધી લોહીમાં દોઢો-બમણો વધારો થાય છે. તેઓ પાંચેય નોંધ કરે છે કે ચિન્તાગ્રસ્ત અને ઉત્તેજના અનુભવતા માનવીની ચામડીની પ્રતિકારશકિત ઘટી જાય છે અને ધ્યાનમાં તે શકિત વધતાં ચિન્તારાહત અને ઉત્તેજનામુક્ત થવાય છે.

**ટી. એમ. ( ઇન્દ્રિયાતીત ધ્યાન ) સીધી સાદી પદ્ધતિઃ**-સવારે સાંજે પંદરવીશ મિનિટ સુધી શ્વાસપ્રશ્વાસ સાથે ૐ બોલતાં બોલતાં શાન્તિથી બેસવાનું હોય છે. પશ્ચિમી પ્રદેશોના અતિવ્યસ્ત માણસો આ સરળ પદ્ધતિનો આશ્રય લે છે અને મનની શાન્તિનો અનુભવ કરે છે. યુરોપ-અમેરિકાના અનેક દેશોના સંખ્યાબંધ કેન્દ્રોમાં અઢાર વીશ લાખ માણસો આ પ્રકારના ધ્યાનનો લાભ લે છે. ધ્યાન દરમ્યાન જમીનથી ઊંચકાઇને અદ્ધર થઇ જવાની (Levi tation)ની પ્રાપ્તિ આ ધ્યાનસાધના પદ્ધતિ દ્વારા કેટલાક સાધકોએ કરેલી છે, એમ જોવા મળે છે.



## એક વરસે

એક વરસ તો વીત્યું, એક વરસ તો વીત્યું.
હાર્યું કોણ કો જીત્યું; એક વરસ તો વીત્યું.

પૃથિવીપટે પરબપર પ્રગટી તમે અખંડ અમીનું
પાન કરાવ્યું પ્રતિપદ પ્રતિપળ દેતાં દાન કળીનું;
સંકેલીને પરબ તમે છે કર્યું પ્રયાણ કહીંનું;
યાવચ્ચંદ્રદિવાકરૌ હશે તમે કરેલી પ્રીત્યુ.
એક વરસ તો વીત્યું, એક વરસ તો વીત્યું.

દિવસો વીતે મહિના વરસો યુગયુગ તોય થયું શું;
તમે સનાતન અમે સનાતન, સકળ સનાતન ને હું;
યાદ તમે આવો છો નિશદિન જાણે કશું ન વીત્યું;
વીતેલાં વરસોને ભેદી વહી આવતાં ગીત્યું
એક વરસ તો વીત્યું, એક વરસ તો વીત્યું.

યોગેશ્વરજી

## મારી હા ના નથી

કરો મનગમતું શ્યામ! મારી હા ના નથી.
જાવું રહેવું આપને જોવું,
    ખોવું મારે કંઈ નથી.
હિત મારું છે આપને હૈયે, (તો)
    ફિકર મારે કંઇ નથી. હા ના નથી.

છોડયે ખેદ ન આપને થાયે
    તો મારે અંતર કંઈ નથી.
આપે પૂછ્યું એટલે કીધું,
    કેવું નહિતર કંઇ નથી. હા ના નથી.

સ્વામી અંતરયામી તમે તો
    યાચના મારે કંઈ નથી.
આપની છું તે આપને કારણ
    ધારણ બીજું કંઇ નથી. હા ના નથી.

સ્મરણ રમણ એક છે તેને
    વિરહ જેવું કંઇ નથી.
એકાકાર થયેલને જુદું
    રટણ જેવું કંઈ નથી. હા ના નથી.

વિરહ જાણ્યો, સંગ પ્રમાણ્યો,
    રંગ જુદેરો કંઈ નથી.
દર્શન આપનું માણવા દીધું,
    હુંપદ, નહિ તો કંઈ નથી. હા ના નથી.

મુકુન્દરાય પારાશર્ય



## પ્રકાશના પંથે

[પૂ. યોગેશ્વરજીની આત્મકથા]

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

### માતાજીની માંદગી ને રામનું દર્શન

ચારધામની યાત્રા અમે બહુ કપરા સંજોગોમાં કરેલી. અમારી આર્થિક સ્થિતિ સારી ન હતી. મૂંઝવણના પ્રસંગો ચંપકભાઇને માટે કોઈ વાર ઊભા થયા ખરા, પણ થોડી જ વારમાં પ્રભુની કૃપાથી મૂંઝવણનો ઉકેલ થતો ગયો.

ઋષિકેશમાં અમારો ઉતારો ભગવાન આશ્રમમાં હતો. ત્યાં થોડા દિવસ રહ્યા પછી ચંપકભાઈ તેમનો વધારાનો સમાન લેવા દહેરાદૂન ગયા. દહેરાદૂન ગયા પછી તેમને તરત કોલેરા થયો. મને તેમની પાસે બોલાવવા તેમણે સમાચાર મોકલ્યા. તેમને કોલેરા થયો જાણી મને લાગી આવ્યું પણ તેમની પાસે જવું કેવી રીતે? ઋષિકેશમાં માતાજીને એકલાં મૂકાય તેમ ન હતું. ઋષિકેશમાં આવ્યા પછી તેમને ઝાડા થયેલા ને તેમાંથી ભયંકર મરડો થઇ ગયેલો. તેમને યાત્રાનું પાણી લાગેલું. તેમને ઝાડામાં લોહી પડતું. તબીયત લથડતી જતી હતી. એમને એકલાં મૂકીને ચંપકભાઇ પાસે જવાય તેમ ન હતું. ચંપકભાઈ તો જોશીજીના ઘરમાં હતા. પણ માતાજીની સારવાર બીજું કોણ કરે? પરિસ્થિતિની પ્રતિકૂળતાને લીધે પત્ર લખીને મેં તેમને આ પરિસ્થિતિથી વાકેફ કર્યા.

એ દિવસો ખરેખર વિકટ હતા. માતાજીને કોઇ રીતે આરામ થતો ન હતો. અમારી પાસે પૂરતા પૈસા પણ ન હતા. એક દિવસ રાતે તેમણે મારી પાસે ઘીનો દીવો કરાવ્યો. તેમને એમ થયું કે હવે નહીં બચાય.

પરંતુ પ્રભુ દયાળુ છે. માતાજી ઓરડીની બહાર ખાટલા પર સૂતેલાં, લગભગ મધરાતે તેમને એક અલૌકિક અનુભવ

થયો. તેમના ખાટલાની પાસેથી એક તેજોમય સ્વરૂપ બહાર નીકળવા માંડયું. તેને ધડનો ભાગ ન હતો કેવળ તેમનું મુખજ દેખાતું. માથે સુંદર મુકુટ હતો, તેનું તેજ માતાજીથી સહન થતું ન હતું. તેમ તે બે હાથ જોડી બોલવા માંડયાં : "હે પ્રભુ, તમારું તેજ મારાથી સહન નથી થતું." તમને હું પ્રણામ કરું છું." તેમને જણાયું કે એ સ્વરૂપ ભગવાન શ્રી રામનું હતું. બે ત્રણ મિનિટ રહીને એ અનુભવ બંધ થયો.

પણ એ અલૌકિક અનુભવ તેમને માટે તો આશીર્વાદરૂપ નીવડ્યો. બીજા દિવસથી તેમની તબીયતમાં એકાએક સુધારો થવા લાગ્યો. પથારીવશ દશાનો અંત આવ્યો.

ઋષિકેશથી નીકળવા માટે અમારી પાસે પૈસાની પૂરી સગવડ ન હતી. વડોદરાથી થોડી રકમ મંગાવેલી. તેમાં મદદરૂપ થાય એવો એક બીજો પ્રસંગ પ્રભુની કૃપાથી ઊભો થયો. અમદાવાદમાં મને નામ માત્રથી ઓળખનાર એક ભાઈએ મને અચાનક પચાસ રૂપિયાનો મનીઓર્ડર મોકલ્યો. મોકલનાર તરીકે જે કંપની કે પેઢીના માણસનું નામ હતું તેમનો મને પરિચય ન હતો. છતાં ઈશ્વરની ઈચ્છા માની મેં તેનો ન છૂટકે સ્વીકાર કર્યો, ઇશ્વરની લીલા અજબ છે. તે કયાં ને કેવી રીતે મદદ કરે છે તે કોઇ કહી શકતું નથી.

**: અયોધ્યા, પ્રયાગ, કાશી, વૃજમંડળ :**

ઋષિકેશથી ગુજરાતની પુણ્યભૂમિમાં પ્રવેશતાં પહેલાં મેં દહેરાદૂનમાં ચંપકભાઇની મુલાકાત લીધી. તેમની તબીયત હજી નરમ હતી તેથી તેઓ અમારા ગુજરાતના પ્રવાસમાં જોડાઈ શકે તેમ ન હતું. હરિદ્વાર છોડ્યા પછી મને પણ યાત્રાના પાણીની અસર શરૂ થઈ. મારી તબીયત બગડી એટલે મને પણ ઝાડા શરૂ થયા. હિંમત હાર્યા સિવાય અમે મુસાફરી ચાલુ રાખી. હરિદ્વારથી અયોધ્યા થઇ અમે કાશી ગયા. અયોધ્યા તો ભગવાન રામની જન્મભૂમિ ને રાજધાની. સરયુનો પટ અહીં ઘણો વિશાળ છે. આજનું અયોધ્યા રામનું મહત્ત્વ જો બાદ કરીએ તો એટલું બધું આકર્ષક નથી.



કાશી તો ભારતનું પ્રાચીનકાળથી વિદ્યાનું કેન્દ્ર કહેવાય. સંતસંસ્કૃતિનું પણ કેન્દ્ર રહ્યું છે. રામાનંદ, કબીર, તુલસીદાસ જેવા કેટલાય મહાપુરુષોની સ્મૃતિથી પાવન થયું છે. ગંગા માતાનો પ્રવાહ અહીં અત્યંત સુંદર અને વિશાળ લાગે છે. કાશીના કેટલાક રસ્તા ખૂબજ સાંકડા ને ગંદા છે. જે તીર્થો માટે આપણે ગૌરવ લઇએ છીએ તેમને પવિત્ર ને સુંદર રાખવાની વૃત્તિ હજી આપણે કેળવી નથી, તેના વાતાવરણને નીતિમય અને પ્રભુમય રાખવાનો પ્રયત્ન પણ કરતા નથી. આપણી સુંદર સંસ્કૃતિની શોભા ને રક્ષા માટે પણ તીર્થો ને મહત્ત્વનાં સ્થળોને આપણે સ્વચ્છ, સંસ્કારી ને સદાચારમય રાખવાની જરૂર છે. તબીયત ખરાબ હોવાથી અહીં પણ વધુ રોકાવાય તેમ ન હતું. આથી અમે મથુરા જવાનો નિર્ણય કર્યો.

ભગવાન શ્રી કૃષ્ણના કાળનું મથુરા કેવું હશે એની આજે તો કલ્પના જ કરવાની રહે છે. પરંતુ આજનું મથુરા એટલું બધું મનોહર કે આકર્ષક નથી. મથુરામાં અમે લગભગ પંદર દિવસ રહ્યા. તબીયત તો એવી જ ખરાબ રહી. છતાં જોઈ શકાય એટલા મહત્ત્વનાં સ્થાન તો જોઇ લીધાં. જમનાજીના વિશ્રામઘાટનું દૃશ્ય ખૂબજ મનોહર છે. આંખ અને અંતર બન્નેને આનંદ આપનારી અહીંની સાયં આરતી એકવાર જોયા પછી વારંવાર જોવાનું મન થયા વિના રહેતું નથી.

મથુરાથી અમે ગોકુલ જઇ આવ્યાં. ગોકુલ તો શ્રીકૃષ્ણની બાળપણની લીલાભૂમિ. ગામ બહુ નાનું પણ ગમે એવું છે.

મથુરાની યાત્રા વૃંદાવનના દર્શન વિના અધુરી જ ગણાય. એટલે અમે વૃંદાવનની મુલાકાત લીધી. ભકતો વૃંદાવનને ધરતી પરના વૈકુંઠ જેવું જ માને છે. હજારો ભકતો ને મહાત્માઓ અહીં સ્થાયી થઈને રહેવા પ્રેરાયા છે. વૃંદાવનના દર્શનથી અમને આનંદ થયો.

યાત્રાની મદદથી જીવનને વધારે ને વધારે પુણ્યમય કરવા પ્રયાસ કરવો જોઈએ. વૃંદાવન જેવા પવિત્ર સ્થાનની યાત્રાએ આવનાર માણુસ વ્યસનોથી મુક્તિ મેળવવાનો નિશ્ચય કરે, દુર્ગુણોને દૂર કરી સદ્ગુણોને કાયમી કરે ને સત્કર્મી બને, તો તેનું જીવન વધારે ઉજ્જવલ ને પુણ્યમય બની શકે.

વૃંદાવન જેમ બહાર છે તેમ અંદર પણ છે. અંદર પણ એજ પ્રભુની લીલા થઈ રહી છે. તેમની શક્તિ કામ કરી રહી છે.

લગભગ પોણા બે વરસ પહેલાં જે વડોદરાની વિદાય લીધેલી તે વડોદરા આવી પહોંચ્યું. ત્યાંના અનુભવી ને સજ્જન ડોક્ટર શ્રી વેણીભાઈ પાસે માતાજીની દવા કરાવી. તેમના ઉપચારથી માતાજીને લાંબે વખતે સંપૂર્ણ સ્વાસ્થ્યની પ્રાપ્તિ થઈ.

(ક્રમશઃ)

જગતમાં કોઈ વસ્તુ જડ નથી. આપણી જડ વૃત્તિ જ આપણને, જડના દર્શન કરાવે છે. અસલમાં તો જ્યાં જુઓ ત્યાં, તે પરમ સ્વરૂપ, નિત્ય ચૈતન્ય સભર છે. તમે–અમે જુદા નથી પછી શા માટે દુઃખી થવું ? સદા-સર્વદા નિજાનંદમાં મગ્ન રહેવું.



# વિદેશની ધરતી પર ધ્યાન–સાધના શિબિર

મા સર્વેશ્વરી

તા. ૧૩–૩–૮૩ રવિવાર ફાગણ વદ ચૌદશ ૨૦૩૯.

એકસો અઢારમો દિવસ.

ડરબન શહેર. સાઉથ આફ્રિકા

જે સંસ્થાએ અમને સાઉથ આફ્રિકાની ધરતી ઉપર પ્રવચન માટે આમંત્રણ આપ્યું તેના કાર્યકર્તાઓ પૈકી શ્રી શાંતિભાઈની વિશેષ ઈચ્છાને લક્ષમાં લઈને આજે એક દિવસની ધ્યાન સાધના શિબિરનું આયોજન થયું.

હિન્દુ એસોશીએશનના હોલમાં તે કાર્યક્રમ ગોઠવાયો. હોલમાં સવારે સાડાસાતથી આઠ સુધી શ્રી ભગુભાઈ પરાગની આર્યભજન મંડળીએ ભજન કીર્તનનો સુંદર કાયર્કમ કર્યો.

આઠ વાગ્યે અમે અમારા રીઝર્વહીલના ઉતારા ઉપરથી હોલમાં પહોંચી ગયાં. આજે બપોરે અમારે ઉતારા ઉપર આવવાને બદલે શહેરમાં જ આરામ અને બપોરનું ભોજન લેવાનું હતું, જેથી અમે અમારું ભાખરી ને બટાકાનું શાકનું ભોજન સવારે ઉતારા ઉપર તૈયાર કરી દીધું હતું.

આઠ વાગ્યે અમે હોલમાં પહોંચ્યાં ત્યારે ધૂનની મસ્તી શ્રોતાવર્ગ–આજનો સાધક વર્ગ–માણતો હતો. શિબિરમાં એકત્રીસબેનો અને તેત્રીસ ભાઈઓએ ભાગ લીધો હતો.

આઠ થી સાડા આઠ સમૂહ પ્રાર્થનાનો કાર્યક્રમ હતો. એમાં મારે પ્રાતઃસ્તવનના શ્લોકો અને "અશરણુ શરણુ તમે છો મારે, આવ્યો છું શરણે" ભજન ગાવાનું બન્યું.

સાડા આઠથી સાડા નવ પૂ. શ્રી. યોગેશ્વરજીએ ધ્યાનની બેઠક ૐકારના પાંચ ઉચ્ચારથી શરૂ કરી.

છેલ્લા ત્રણુ દિવસથી સમૂહધ્યાનની બેઠકો સપ્તાહ મંદિરમાં થાયજ છે. જેથી કોઈ ખાસ વિશેષ સૂચનાઓ ધ્યાનની બેઠકમાં આજે આપવાની ન હતી.

એક કલાકની ધ્યાનની બેઠક બાદ પૂ. શ્રી. યોગેશ્વરજીએ સાધન માર્ગે સાધકોએ શું શું કરવાનું એ અંગેનો નાનો વાર્તાલાપ આપ્યો. ભારતમાં દર વરસે યોજાતી આઠ આઠ દિવસની શિબિરની પણુ પૂ. શ્રીએ માહિતી આપી. ત્યાર બાદ અમૃતાનંદ યોગસ્કૂલના મદદનીશ સંચાલક શ્રી. હીરાભાઈ દયાલે પૂ.શ્રીની સૂચનાથી મંચ ઉપર આવીને શીર્ષાસન, સર્વાંગાસાન, જેવાં ઉપયોગી અને સુંદર આસનો કરી બતાવ્યાં.

છેવટે પૂ. શ્રીએ હળવી કસરતો સૌને બતાવી. સૌએ તે કરી પણુ ખરી.

ત્યાર બાદ દશ મિનિટ વિશ્રામની પળો મળી-જેમાં પાંચ મિનિટની તો ધૂન થઇ.

ફરીથી બીજી બેઠક 'ભજમન રાધે ગોવિંદ!'ની સમૂહ ધૂન સાથે શરૂ થઇ.

દશપાંત્રીશથી અગિયાર પાંત્રીશ સુધી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ શરૂ થયો.



પ્રશ્નો સાધકોએ લખીને આપ્યા હતા. જેથી પૂ.શ્રી પાસે પ્રશ્નોના કાગળો આવી ગયા. પૂ.શ્રી એક પછી એક પ્રશ્નનો કાગળ હાથમાં લઇને ઉત્તરો આપવાના શરૂ કર્યા.

પ્રશ્નોત્તરી નીચે મુજબ હતી.

પ્રશ્નઃ-બધા મંત્રો ભગવાનના છે છતાં કોઈ પાંચ, કોઈ બાર, તો કોઇ બત્રીસ અક્ષરના મંત્રો કેમ? અક્ષરો પ્રમાણે મંત્રમાં શક્તિ ઓછી વત્તી હોય ખરી?

પૂ.શ્રીઃ-મંત્રો બધા જ સારા છે. અક્ષરોમાં ફેર ભલે હોય પણુ દરેક મંત્રની શકિતમાં તફાવત નથી. કોઈ બાર, પાંચ કે બત્રીસ અક્ષરવાળા મંત્રો છે. એમાંથી જે મંત્ર આપણુને વધુ પ્રિય હોય તે જપવો.

પ્રશ્નઃ-મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણે અર્જુનને અહિંસાનો ઉપદેશ કેમ ન આપ્યો? ત્યારે અહિંસાનો પ્રચાર શું ન હતો? ગાંધીજી જ્યારે અહિંસાથી સ્વતંત્રતા મેળવી શકયા તો કૃષ્ણુ અહિંસાનો પ્રયોગ કેમ ન કરાવી શકયા?

પૂ.શ્રીઃ-આમાં સમજ ફેર છે. ભગવદ્દગીતાને બરાબર વાંચો. ભગવાને અહિંસાની વાતો કરી છે.

ગીતામાં ભગવાને કહ્યું અદ્વેષ્ટા સર્વભૂતાનામ. સૌમાં પ્રભુને જોવા અને મનને શાંત પાડવું. પણુ એ ઉપદેશની સામે અર્જુન, પાંડવો કે કૌરવો એ ભૂમિકાએ પહોંચ્યા નથી.

હવે એક બીજી વાત. તમે કોઇનું પચાવી ના પાડો પણુ આપણું કોઇ પચાવી પાડે તો?

આપણે મનમાં રાગદ્વેષ રાખ્યા વિના આપણું જે છે તે પાછું લેવા તૈયાર થવું.

આપણે સત્સંગમાંથી ઘરે જઈએ ત્યારે કોઇકે આપણું ઘર પચાવી પાડયું હોય તો શું કરવું ?

આપણામાં અહિંસાની તાકાત હોય તો તેને સમજાવીએ. પણ ન સમજે તો આગળ પગલાં લેવાં પડે. આપણે આપણી મિલકતનું રક્ષણ કરવું જોઇએ.

કૃષ્ણે કહ્યું : " તમારે કૌરવોનું રાજ્ય પચાવી પાડવાનું નથી. આ તો ધર્મની રક્ષા માટેનું આ યુદ્ધ છે. "

ગાંધીજીની અહિંસા કાયરોની ન હતી. એકલી અહિંસાથી જ આઝાદી નથી મળી. સુભાષચંદ્ર બોઝનું બલિદાન, સેનાનો વિદ્રોહ અને ગાંધીજીના પુરુષાર્થથી આઝાદી મળી છે.

એક સાપને ગુરુએ મંત્ર આપ્યો. સાપ મંત્રજપ કરવા લાગ્યો કોઇને કરડે પણ નહીં. પરિણામે લોકો સાપને પથ્થરોથી મારવા લાગ્યા, છતાં સાપ કશું જ ના કરે. થોડા દિવસ પછી ગુરુ ફરી મળે છે. સાપની મરણતોલ દશા જોઈ પૂછ્યું કેમ તારી આ દશા થઇ ? સાપ કહે આપે કહેલું કે હિંસા ન કરવી ને જપ કરવા. ગુરુએ કહ્યું : હિંસા ન કરવી એનો અર્થ એવો થોડો છે કે તારે તારું રક્ષણ પણ ન કરવું ! કરડવું નહીં, પણ ફૂંફાડો તો રાખવો જોઇને !

એટલે રક્ષણ પૂરતી જરૂરી હિંસા શરીરથી કરવી, પણ મનમાં રાગદ્વેષ ન રાખવો એ વાત ગીતા શીખવે છે.

કૌરવોએ પચાવી પાડેલું રાજ્ય જોઇએ છે. બીજો રસ્તો નથી. તો યુદ્ધ કરવું પડશે.

પ્રશ્ન:–મૂર્તિપૂજા શા માટે ?



પૂ. શ્રી:–મૂર્તિપૂજા તમને પ્રિય હોય તો કરો. એનાથી ભક્તિભાવ વધે તો તે કરો. મૂર્તિપૂજા પ્રભુનો ભાવ વધારવા, શ્રદ્ધા વધારવા માટે છે તો તેનો આધાર લો.

બધા જ શાળામાં ભણવા થોડા જાય છે ? કોઈ કોઇ હોશિયાર બાળકો જાતે જ ભણી લે છે. શાળા એ સાધન છે. તો તે સાધનનો ઉપયોગ કરવો હોય તો કરો.

પ્રશ્ન:–ધ્યાન પછી મૂર્તિપૂજા કરવી કે પહેલાં કરી લેવી ?

પૂ. શ્રી:–પહેલા મીઠાઈ પછી દાળભાત કે પહેલાં દાળભાત પછી મીઠાઈ. એના જેવો આ પ્રશ્ન છે. ખાનારાની રૂચિ ઉપર એનો આધાર છે.

પણ મારો અભિપ્રાય એવો ખરો કે પહેલાં સવારની શાંતિનો સદ્ઉપયોગ કરી ધ્યાન કરી લેવું. પછી પૂજાપાઠ.

પ્રશ્ન:–પહેલાં ધ્યાન કે પહેલાં સ્નાન કરવું ?

પૂ. શ્રી :–બને તો સ્નાન કરીને જ ધ્યાનમાં બેસો. ખૂબ ઠંડી હોય તો હાથ મોં ધોઇને બેસો.

પ્રશ્ન:–માળા સાથે ધ્યાન થાય ?

પૂ. શ્રી.:–હા, થઇ શકે.

પ્રશ્ન:–ધ્યાન કરતી વખતે ભ્રૂકુટિની વચ્ચે દૃષ્ટિ સ્થિર કરવાની તો ત્યારે આંખની કીકી કયાં રાખવાની ?

પૂ. શ્રી.:–આંખની કીકી તો જ્યાં હોય ત્યાં જ રાખવી. પણ મનની વૃત્તિ ઊંચી કરવાની છે. મનથી ત્યાં જોવાનું છે. આંખથી નહીં.

પ્રશ્ન:- ધ્યાન માટે માળા જરૂરી છે ?

પૂ. શ્રી.:–માળા જરૂરી નથી. મનની માળા ફેરવો. શ્વાસે શ્વાસે જપ કરો.

પ્રશ્નઃ–કોઈ ગુરુ જાહેરમાં ને કોઇ ગુરુ ગુપ્ત રીતે મંત્ર આપે તો એવો ભેદભાવ શા માટે?

પૂ. શ્રી.:–ગુરુમંત્ર આપે તેમાં ગુપ્ત રાખવા જેવું કંઈ જ નથી. પણ ઘણી વાર આપણે જેને તેને કહેતા ફરીએ કે હું આ મંત્ર જપુ છું તો સામેની વ્યક્તિ ઘણી વાર આપણી શ્રદ્ધા ડગાવવાના જાણ્યે અજાણ્યે પ્રયત્ન કરે. પરિણામે આપણને નુકશાન થાય. તેથી આપણે કયો મંત્ર જપીએ છીએ તે જ્યાં ત્યાં કહેવાની જરૂર નહિ.

પ્રશ્નઃ–ખુલ્લી આંખે મનને એકાગ્ર કરવા મૂર્તિસામે જોયા કરીએ તો ચાલે?

પૂ. શ્રીઃ–ખુલ્લી આંખે જોયા કરો તો ચાલે. પ્રભુના રૂપને જોયા કરો તો તે પણ સારું છે. થોડીવાર પછી આંખ બંધ કરીને પણ બેસો.

પ્રશ્નઃ–ભારતમાં આધ્યાત્મિક જ્ઞાન ઘણું છે. છતાં ત્યાંના લોકો લાંચરૂશવત, નફાખોરી, કાળા બજારનાં કામો કેમ કરે છે?

પૂ. શ્રીઃ-ડોકટરો સારા, દવા સારી પણ દવા ખાય તો ફાયદો થાયને?

શાળાના હેડમાસ્તર જ મોડા આવતા હોય તો સામાન્ય શિક્ષકો શા માટે સમયસર આવે?

શાસકપક્ષ જ ભ્રષ્ટાચારી હોય, જુઠાણું ચલાવનારો, છળકપટ કરનારો હોય તો પ્રજા પાસે શું આશા રાખી શકાય!



આપણે ત્યાં સંતો સારા. તેના ઉપદેશો સારા. પણ તે પ્રમાણે ચાલનારા કેટલા?

પ્રશ્નઃ–શિવ, વિષ્ણુ, ગણપતિ એ બધા જુદા જુદા દેવો છે?

પૂ. શ્રીઃ–એક જ શકિત છે. પણ જુદા જુદા નામે તે ઓળખાય છે.

પ્રશ્નઃ–સ્વર્ગ, બ્રહ્મલોક, વૈકુંઠ એ બધા લોક કયાં આવ્યા?

પૂ. શ્રીઃ–અહીં જ છે. સારું જીવન જીવો એટલે સ્વર્ગ. ભક્તિ કરો એટલે વૈકુંઠ.

પ્રશ્નઃ–ધ્યાન વખતે હું કોણ છું! એવો પ્રશ્ન પૂછવાની આવશ્યકતા ખરી?

પૂ. શ્રીઃ બધાને તે પ્રશ્ન પૂછવાની જરૂર નથી. અહમ્ કયાંથી આવે છે? તે શોધો.

પ્રશ્નઃ–ધ્યાન કરનારે પૂજા પાઠ છોડી દેવાં?

પૂ. શ્રીઃ–પૂજાપાઠ ન છોડવાં. જેમ ભોજનમાં રોટલી દાળની વચ્ચે નથી આવતી તેમ પૂજાપાઠ વચ્ચે આવતો નથી.

પ્રશ્નઃ–શકિતપાત દીક્ષા એટલે શું?

પૂ.શ્રીઃ–સંતપાસે બેસીએ, તે મંત્ર આપે, અને એમની શકિત કામ કરે. આપણને નવી શકિત મળે, સંતપાસે બેસવાનો થાક ન લાગે તે શકિતનો સંચાર કહેવાય. સંતના

પરમાણુઓ આપણને અસર કરે. શાંતિ આપે, પ્રેરણા આપે. સુષુપ્ત શકિત જગાડે તે શકિતપાત કહેવાય.

પ્રશ્નઃ-ધર્મ, ભકિત અને દાન એ ત્રણમાં ઉત્તમ વસ્તુ કઈ કહેવાય?

પૂ. શ્રીઃ-મોહનથાળ, લાડુ ને લાપસી એ ત્રણેમાં ઉત્તમ શું એના જેવો આ પ્રશ્ન છે. ત્રણે ઉત્તમ છે. ધર્મ પ્રમાણે ચાલીએ તો ધર્મ ઉત્તમ. ભકિત કરીએ તો તેય ઉત્તમ. દાન કરીએ તો તે પણ ઉત્તમ.

પ્રશ્નઃ-મોહ અને વાસના શી રીતે દૂર થાય?

પૂ. શ્રી :-પ્રભુભકિતથી મોહ ને વાસના દૂર થાય.

પ્રશ્નઃ-જીવ અને શિવ એક કહેવાય તો કૂતરા બિલાડા શું કહેવાય?

પૂ. શ્રીઃ-જીવ અને શિવ મૂળભૂત રીતે એક છે. પણ એ મૂળરૂપનો અનુભવ બધા કરતા નથી. તેથી તે જુદા લાગે છે.

પ્રશ્નઃ-દિક્ષા ગુરુ હયાત ન હોય તો બીજા ગુરુ કરવા જરૂરી છે?

પૂ શ્રીઃ-પત્ની જીવે છે તો બીજી પત્નીની જરૂર છે? એ તો છૂટાછેડાની કથની જ થઇને? ગુરુ આત્મરૂપે હયાત જ છે એમ માનો. બીજા ગુરુ કરવાની જરૂર નથી. સંતો શરીરથી નથી પણ તે બ્રહ્માંડમાં તો છે. અનંત જન્મો સુધી ગુરુનો સંબંધ ચાલુ જ રહે છે.

પ્રશ્નઃ-મને ઉત્તમમાં ઉત્તમ મંત્ર હોય તે આપો.



પૂ. શ્રીઃ-જેમણે આ પ્રશ્ન પૂછયો હોય તે પાછળથી મળે.

ઉત્તમમાં ઉત્તમ મંત્ર તો એક જ છે.

કમ ખાઓ, ગમ ખાવો.

જોજો પણ આજે એવું ના કરશો.

આજે તો તમે સૌ મોહનથાળ જમવાના છો તો આજે બરાબર ખાજો. કાલથી કમ ખાજો.

કોઇ કંઈ કહે તો સામે ટપાટપ જવાબ ના આપો એ સંસારમાં ઉત્તમમાં ઉત્તમ મંત્ર છે.

અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પૂર્ણ થયો. ૧૧-૩૫ થઇ હતી બધાંને ખૂબ આનંદ આવ્યો. પછી અર્ધો કલાક ધ્યાનની બેઠક થઈ. બેઠક બાદ સૌએ છૂટા પડતા પહેલાં પ્રણામ કર્યા.

મંચ ઉપરની બે બેઠક ઉપરથી અમે ઉભા થયા. મંચની ઉપર બેઠકની પાછળ સુંદર પીળા રંગનો ૐ કાર શોભતો હતો. આખોયે હોલ શ્રી દયાળભાઈના ઉત્સાહથી આસોપાલવનાં તોરણોથી શણગારાયેલો હતો.

આજે જે સાધક ભાઇબેનોએ આ શિબિરમાં ભાગ લીધો હતો તે સૌને ડરબનના જાણીતા સદ્‌ગૃહસ્થ શ્રી વલ્લભભાઇ દેવશીભાઈ ( બદામવાળા કાકા ) તરફથી મોહનથાળનું ભોજન મળવાનું હતું. એમનો એક નિયમ પણ ઘણો સારો. તેમને જે કોઈ જય શ્રીકૃષ્ણ કહે તેમને તેઓ બદામ આપે. પછી તે ગુજરાતી હોય, આફ્રિકન હોય, વિદ્યાર્થી હોય કે નાના બાળકો હોય. પણ સૌને શ્રી વલ્લભભાઇ બદામ આપે. એ સદ્‌ગૃહસ્થ દરરોજ પ્રવચનને અંતે અમને પણ

જય શ્રીકૃષ્ણ કહીને બદામ આપે. એટલે અમે એમને બદામ-વાળા કાકા તરીકે ઓળખીએ.

અમે હિન્દુ એસોસીએશનના હોલમાંથી વિદાય લીધી, અને સામેની બબ્બે સ્ટ્રીટ પસાર કરી સી. એન. આર. હાઉસ જે પ્રીન્સ એડવર્ડ સ્ટ્રીટ પર આવેલું છે ત્યાં આવી ગયા.

સી. એન. આર. હાઉસ એ શ્રી રતિલાલની ભવ્ય ઇમારત છે. એના આઠમા માળે અલગ બે ઓરડાનો સ્વતંત્ર બ્લોક છે. તેમાં આજે અમારે આરામ લેવાનો હતો. ત્યાં જ અમે સવારનું બનાવેલું અમારું ભાખરી શાકનું ભોજન લીધું. વળી શ્રી રતીભાઈ કેરીઓ પણ લાવ્યા હતા. તેથી તે પણ લીધી. પછી આરામ કર્યો.

બ્લોકના બહારના ઓરડામાં શ્રી રામકૃષ્ણદેવ, શ્રી શારદા-માતા, શ્રી વિવેકાનંદજીની તસ્વીર શોભી રહી હતી. શ્રી. રતિભાઇ શ્રી. રામકૃષ્ણદેવના પરમ શ્રદ્ધાળુ ભકત છે. જેથી એમના રીઝર્વહીલના સ્વતંત્ર વિશાળ બંગલામાં જ્યાં અમારો ઉતારો છે ત્યાં પણ શ્રી રામકૃષ્ણદેવની તસ્વીરો જોવા મળે છે.

ફરીથી બપોરે ત્રણ વાગ્યે શિબિરના સ્થળે અમે હાજર થઈ ગયા ત્યારે હોલમાં સમૂહ ધૂન ચાલી રહી હતી. દાદર ચઢતાં હતાં ત્યાંજ શ્રી શાંતિભાઇએ પૂ. શ્રી સાથે વાત કરતાં જણાવ્યું કે ભાઇબેનોની ઇચ્છા છે કે અહીં એક ધ્યાનકેન્દ્ર શરૂ થાય. પૂ. શ્રીએ કહ્યું કે એ સારી પ્રવૃત્તિ છે. તમે બધા વિચાર કરીને નક્કી કરવું હોય તો કરો.

અમારા પ્રવેશ પછી સમૂહધૂન પૂરી થઇ. પૂ. શ્રીએ સરળગીતા વિશે વાતો કરી. પછી ૩–૧૫ થી ૩–૪૫ સુધી



સમૂહમાં ગીતાપાઠ મેં પૂ. શ્રીની સૂચનાથી કરાવ્યો. પછી ૩–૪૫ થી ૪–૫૦ સાધનાત્મક અનુભવ અને પૂ. શ્રીની માતૃ-ભકિતને વણી લેતો એક વાર્તાલાપ મારે આપવાનો બન્યો.

ત્યાર બાદ અર્ધાકલાકની ધ્યાનની છેલ્લી બેઠક શરૂ થઇ. સાધકોની આગળની હરોળમાં જ તોતેર વરસની મોટી ઉંમરે પણ પદ્માસન વાળીને શ્રી ડાહ્યાભાઈ બેઠા હતા. તેમણે આજે શિબિર માટે પોતાનો પહેરવેશ કફનીને પાયજામો રાખ્યો હતો, તેઓ તો દરરોજ ઘરે આસન ને પ્રાણાયામનો અભ્યાસ નિયમિત કરે છે.

પૂર્ણાહૂતિમાં આભાર દર્શન થયું. છેવટે સાધકોને ફળો અને ફળના રસનો અલ્પાહાર અપાયો.

અમે ફરીથી સી. એન. આર હાઉસમાં આવી ગયા. થોડો આરામ કર્યો.

રાત્રે આઠ વાગ્યે દરરોજની જેમ આજે પણ ભારતહોલ-માં પ્રવચન હતું. વિષય 'શક્તિપૂજાનો' હતો. પ્રવચન બાદ રીઝર્વહીલના ઉતારા ઉપર આવી ગયા. દૂધ લીધું ને આરામ કર્યો.

આજની શિબિર આ રીતે પરિસમાપ્તિ પર પહોંચી. શ્રી શાંતિભાઇનો ઉત્સાહ અને પુરુષાર્થથી આ શિબિર સફળ થઇ. તેમને એક સત્કર્મ કર્યાનો સંતોષ થયો. ડરબનની ગુજરાતી જનતાએ આ રીતે પ્રથમ વાર ધ્યાન શિબિરનો આનંદ માણ્યો.

# સાંસ્કૃતિક પ્રવાસ—સીંગાપોરનો

નાનુરામ દુધરેજિયા

૧૯૭૯ના જાન્યુઆરીમાં મેં પાસપોર્ટ તૈયાર કરાવેલ- એવી શ્રદ્ધાથી કે વિદેશ જવાની કોઇક તક મળશે. મારા કેટલાક મિત્રો જ્યોતિષી છે. એમાંના કોઇએ મારા વિદેશ- ગમનની શકયતા માનેલી નહિ. એક મુરબ્બી મિત્ર જેઓ હસ્તરેખા વિષે સારું જ્ઞાન ધરાવે છે તેમણે કહેલ કે; એક રેખા વચ્ચે થોડી તૂટે છે, તે સંધાઇ જાય તો કદાચ વિદેશ જવાનું સંભવ બને! આ બધું જેમનું તેમ રહ્યું, અને હું પૂજ્ય મોરારીબાપુ સાથે તા. ૧૧ સપ્ટેમ્બર ૧૯૮૩ના સાંજના ૮-૩૦ વાગે સીંગાપોરની ધરતી પર ઊતર્યો. જ્યાંના ગુજરાતી મંડલે તા. ૧૨ થી ૨૦ શ્રી મોરારીબાપુની શ્રીરાચરિત માનસની કથાનું આયોજન કરેલ.

ગુજરાતીઓની વસતી અહીં ઘણી જ ઓછી, માત્ર તેરસો ચૌદસો જેટલી જ. એટલે શ્રોતા માંડ ૫૦૦ નીકળે. પરંતુ સિંધી, પંજાબી અને હિંદી ભાષીઓની વસતી ખરી એટલે કથા હિંદીમાં રખાયેલી અને એમણે કથાનો લાભ સારી રીતે લીધેલ. કથાનો સમય સ્થાનિક અનુકૂળતા અનુ- સાર બપોરના ૨-૩૦ થી ૫-૦૦ અને રાત્રિના ૭-૩૦ થી ૧૦-૦૦ રાખવામાં આવેલ. બપોરના કરતાં રાત્રિએ શ્રોતા- ઓની સંખ્યા સારા પ્રમાણમાં વધારે રહેતી હતી.

પૂ. મોરારીબાપુની આ ૨૮૭મી કથા હતી. ભારત બહાર- ની આ ૧૬મી કથા હતી. બાકીની ૨૭૧માં ૨૧૬ ગુજરાતમાં અને ૫૫ ગુજરાત બહાર ભારતના અન્ય શહેરોમાં કરી છે.



એકથી વધુ વખત એવું અનુભવ્યું છે કે, પ્રારંભના ત્રણેક દિવસ પછી 'ચિત્રકૂટ રઘુનંદન છાયે' માફક ગમે તેવા અ- જાણ્યા વિસ્તારમાં પણ તેઓ શ્રોતાવર્ગ પર છવાઇ જાય છે, તેવું સીંગાપોરમાં પણ બન્યું. ઘણા ગુજરાતી અને અન્ય પરિવારો એવી અભિલાષા સેવતા થયા કે બાપુ પોતાને ત્યાં પધારે તો સારું.

સીંગાપોર રિપબ્લીકન બન્યા પહેલાં મલેશિયાનો ભાગ હતું. અને અગ્નિએશિયાના જે દેશોમાં રામાયણનું અસ્તિત્ત્વ છે તેમાં મલેશિયા પણ એક છે. મલેશિયા અને ઈન્ડોનેશિયા ઇસ્લામી રાષ્ટ્રો હોવા છતાં રામાયણનો ત્યાં સારો પ્રચાર જોવા મળે છે–અલબત્ત એમણે રચેલી રામાયણનો. મલેશિયા- ની રામાયણનું નામ છે 'હિકાયત સિરીરામા' ઇન્ડોનેશિયા તો રામાયણનું અદ્‌ભુત પ્રેમી છે. ૧૯૭૧ના સપ્ટેંબરમાં એક આંતરરાષ્ટ્રીય રામાયણ મહોત્સવનું આયોજન ત્યાં સરકાર દ્વારા થયેલું.

એવું કહેવાય છે કે મલેશિયાની 'હિકાયત શ્રીરામ' ની રચના ૧૪ કે ૧૫ મી સદી આસપાસ થઇ છે. સડકો પર આજે પણ ત્યાં 'હિકાયત સિરીરામા' ને આધારિત રામલીલાઓ ભજવાતી જોવા મળે છે. આ રામાયણ પર થીસીસ લખીને ડો. અમીન સ્વીનીએ લંડન યુનિવર્સિટીની પી. એચ ડી. પ્રાપ્ત કરેલ છે. એમણે લખ્યું છે કે, આ રામાયણ આધારિત નાટકોની –રામલીલાની રજુઆત કરનારા અને જોનારાઓ વાદ્યવૃન્દોની સ્વરલહરી અને સંવાદોમાં તલ્લીન બની રામાયણ- નાં પાત્રો સાથે પોતાનું તાદાત્મ્ય ઊભું કરે છે. એક ખરું કે અગ્નિ એશિયાના ઇન્ડોનેશિયા, મલેશિયા, થાઇલેન્ડ, કમ્બોડિયા બાલી, જાવા આદિ દેશોમાં રામાયણનું જે રૂપ છે તેમાં

રામ એક મહામાનવરૂપે ચિત્રિત છે, નહિ કે ભગવાન રૂપે! કથાનક એક જ છે, પણ સ્થાનિક ફેરફારો ઘણા છે.

સીંગાપોરમાં ૭૦ ટકા વસ્તી ચીનીઓની છે બાકીના ૩૦ ટકામાં ભારતીયો પહેલા ક્રમે છે. ભારતીયોમાં પણ દક્ષિણ ભારતીય તામિલીઓ મુખ્ય છે. સીંગાપોર પ્રજાસત્તાક-ના વડાપ્રધાન ચાઈનીઝ છે, પરંતુ પ્રમુખ મદ્રાસી- તામિલી છે. પરંતુ તામિલી લોકો હિંદી ન જાણતા હોઇને અહીં મોટી સંખ્યા હોવા છતાં તેઓ આ કથાનો લાભ ઉઠાવી શકેલ નહિ. અહીં ચાર ભાષાઓ માન્યભાષા મનાય છેઃ મલઇ, ચાઈના, તામિલ અને અંગ્રેજી. ચારે ભાષાના માધ્યામ અહીંની શાળાઓમાં છે. વહેવારમાં અને વ્યાપારમાં પણ ચારેય ભાષાનું ચલણ છે.

સીંગાપોર એક સમૃદ્ધ શહેર છે. એનું મુખ્ય કારણ એ શહેર તે જ રાજ્ય છે. પ્લેટોએ પ્રાચીનકાળે સમાજો વ્યવસ્થિત થતાં રાજયની જે કલ્પના કરેલી તે 'સીટી સ્ટેટ'ની હતી. સીંગાપોર આવું 'સીટી સ્ટેટ' છે. ઓપન ફ્રી પોર્ટ હોઇને દુનિયાભરની વસ્તુઓ અહીં વેચાવા આવે છે, તેમ દુનિયા-ભરના ખરીદી કરનારા અહીં ખરીદી કરવા આવતા રહે છે. બેરોજગારીનો પ્રશ્ન હલ કરી દેવાયો છે. વહીવટી સ્તરે ભ્રષ્ટાચારનું નામનિશાન નથી. શહેર સ્વચ્છ, સુઘડ અને રળિયામણું છે. ભૌગલિક દૃષ્ટિએ સમુદ્ર કાંઠાનો આ એક ટાપુ હોઇને વાતાવરણ ન ઉષ્ણ, ન બહુ ઠંડું રહે છે. બારે માસ વરસાદ આવ્યા કરતો હોઇને લીલીછમ વનશ્રી અહીંનું મોટું આકર્ષણ છે.

અમારો બે જણનો-શ્રી ભૂપેન્દ્રભાઈ ત્રિવેદીનો અને મારો ઉતારો મૂળ પાટણના વતની એક વણિક ગૃહસ્થને ઘેર હતો.



શ્રી રતીભાઈ પરીખ અને તેમનાં પત્ની શ્રીમતી સુશીલા-બહેન પરીખ જ નહિ, એમના ત્રણ પુત્રો સંદીપ, હર્ષદ અને મિતુલ, તેમ જ પુત્રવધુ યામિની એટલાં ભક્તિભાવ-વાળાં હતાં કે વિદેશમાં આટલો ભક્તિભાવ હોય તેવું માન્યા-માં ન આવે! ઘરમાં શ્રીકૃષ્ણની પૂજા, સાંજે સૌ પ્રાર્થના, ધુન વગેરે બોલે. ગીતાનો ૧૨ મો ૧૫ મો અધ્યાય મોઢે. પૂ. મોરારી બાપુ જ્યાં ઉતરેલા તે શ્રી મનુભાઇ સંઘવીનો પરિવાર પણ આવો જ કૃષ્ણભક્ત હતો. અમારું સીંગોપોરનું રોકાણ ખૂબજ આનંદમાં વીતેલું-ભારત બહાર ભારતીય સંસ્કૃતિનાં આવાં દર્શનોનાં કારણે.

ભગવાનના તરફથી કૃત્રિમ મનુષ્યને પ્રસાદ તરીકે કોપ મળે છે. સરલને કરુણાનો પ્રસાદ મળે છે. કોપનો પ્રસાદ તેને જલાવીને, તપાવીને શુદ્ધ કરે છે. કરુણાનો પ્રસાદ તે શુદ્ધ થયેલા મનુષ્યને આનંદ પ્રદાન કરે છે.

# રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રીયોગેશ્વરજી

( શ્રીયોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા )

'તને મારામાં' સંસ્કારિતાનું દર્શન ભલે ના થાય, પરંતુ હું તારી ભાવનાને કદાપિ નહિ સંતોષી શકું. એને ભાવના કહેવા કરતાં વાસનાનું નામ આપવું જ વધારે યોગ્ય માનું છું. તુ એનો ત્યાગ કરી દે એ જ બરાબર છે.

'શાસ્ત્રો તો સ્ત્રીનાં હ્રદયને કોમળ કહે છે, અને તારું હ્રદયતો કુસુમ કરતાંયે વધારે કોમળ, ભાવભીનું ને લાગણીવાળું છે એમ મેં સાંભળેલું. તારા નામ પ્રમાણે તું ઉર્મિઓનો ભંડાર છે એવું માનેલું. પરંતુ તું તો કઠોર છે વજ્ર કરતાં યે વધારે કઠોર. તારામાં, ભાવના, મૃદુતા કે ઉર્મિશીલતાનો છાંટો યે નથી લાગતો.'

'મારું હૃદય ભલે કઠોર હોય, મારી કઠોરતા તને નહિ ગમે. છતાં પણ આ વાતમાં મારે કઠોરજ થવું પડશે. હું તારે માટે કુસુમ કોમળ નહિ બની શકું. મારી એટલી સંસ્કારિતા તથા કોમળતાને લીધે તો હું તને આવી જાતની વાતચીત પણ કરવા દઉં છું. બાકી તારે માટે આવી રીતે મારી સાથે ચર્ચા કરવાનું તો શું પરંતુ મારી પાસે આવવાનું પણ અશક્ય હોત. મને તારા પર પ્રેમ છે, લાગણી છે, અને એટલા માટે તારું જીવન બુરા વિચારો કરીને તથા બુરે માર્ગે ચઢીને બરબાદ ના બની જાય એવું ઈચ્છું છું.'

'તને મારા પર જો સાચે સાચો પ્રેમ અને સાચી લાગણી હોય તો તારે મને શાંતિ આપવાને સુખી કરવા મારી માગણી પર પુનર્વિચાર કરવો જોઈએ.'



'એવી આશા તું સ્વપ્ને પણ ના રાખતો. તારા વિચારો કે ખ્યાલોને સુધારવા માટે પુનર્વિચાર મારે નથી કરવાનો પરંતુ તારે કરવાનો છે. એ હકીકત હું તને અવારનવાર સૂચવી ચૂકી છું, પણ તારી કામુકતા કે જડતાને લીધે તું એને નથી સમજી શક્યો અને એનો અમલ પણ નથી કરી શક્યો. તું મોહાંધ બની ગયો છે, અને એને લીધે તારો વિવેક તથા શિષ્ટાચાર પણ નષ્ટ થયો છે.'

એટલું બોલીને ઉર્મિલા ઉભી થઈ ગઇ ને કહેવા માંડી :

'તારી સાથે વાત કરવાનો વધારે વખત નહિ કાઢી શકું. મારે બીજું ઘણુંય કામ છે. આશા રાખું છું કે મારા શબ્દોને તું ધીમે ધીમે વખતના વીતવાની સાથે. સારીપેઠે સમજી શકશે. હવે ફરીવાર મારી પાસે આવીને આવી માંગણી ના કરતો. અત્યાર સુધી તો મેં તારી બધીયે વાત મનમાં રાખી છે પરંતુ ન છૂટકે જો આ વાત મારે તારા પિતા શતાનંદને કહેવી પડશે તો તારું આવી બનશે.' નિષ્કામ ઉત્તેજિત બનતાં ઉભો થઈ ગયો. એનું અંગ કંપવા લાગ્યું. એનાં લોચન લાલ બની ગયાં. એના ચહેરાનો રંગ બદલાઇ ગયો. એ ઉશ્કેરાટમાં આવીને બોલી ઉઠ્યો: એટલે ? તું શું કહેવા માગે છે ? મને ધમકી આપે છે કે બીક બતાવે છે? એવી ધમકીથી હું ડરી નથી જવાનો. પિતાજી મને શું કરી નાખવાના હતા ? હું એમનાથી જરાપણ નથી ગભરાતો. તારી ઇચ્છા હોય તો બધી હકીકત એમને હમણાં જ કહી આવ. અરે, તારા પિતા જનકને જ કહી આવને ? એતો એવા મોટા મનના છે કે મારા પ્રેમની કદર કરીને તારી સાથે મારું લગ્ન પણ કરી દેશે '

ઉર્મિલા બોલી : ' લગ્ન તો ભૂલેચૂકે પણ નહિ કરે પરંતુ તારો અંગભંગ અવશ્ય કરી દેશે, તને ભારેમાં ભારે દંડ દેશે, એ ચોક્કસ છે. '

નિષ્કામને ખબર ના પડી શું બોલવું. થોડીક વાર સુધીતો એ ઉર્મિલા તરફ કટુતાભરી નજરે ટગર ટગર જોતો રહ્યો. પરંતુ

પછી બોલ્યો : 'તને ખબર છે કે મારી માગણીના અસ્વીકારનું પરિણામ કેવું ભયંકર આવશે ?'

'મને એની ભીતિ કે ચિંતા નથી.' ઉર્મિલાએ ઠંડે કલેજે ઉત્તર આપ્યો.

'ઉર્મિલા, તું બીજાની સાથે લગ્ન કરીશ તો પણ સુખી નહિ થાય. તારું લગ્નજીવન દુઃખી થઈ જશે. તને તારા સ્વામીનું સુખ નહિ મળે. તારું લગ્ન કોઈક રાજા મહારાજા કે રાજપુત્ર સાથે કરવામાં આવશે તો પણ તારું જીવન સંપૂર્ણ લગ્નસુખનો ઉપભોગ નહિ કરી શકે. તારે પતિનો વિયોગ અને બીજી જાતજાતની વિપત્તિ તથા ચિંતા કે વેદના વેઠવી પડશે. મારી અવજ્ઞા કરતાં પહેલાં એકવાર ફરીથી વિચારી જો.'

'મેં વિચાર કરીજ લીધો છે. હું તારી અવજ્ઞા નથી કરતી, પરંતુ તારી ઇચ્છાને તાબે નથી થઈ શકતી. મારું વર્તન બરાબર છે.'

ઉર્મિલા ચાલી નીકળી.'

છેલ્લે છેલ્લે એના કાને નિષ્કામના શબ્દો અથડાયા. તો પછી આ વચનોને મારા શાપ બરાબર સમજી લેજે. એ વચનો મારા અંતરના ઊંડાણમાંથી નીકળ્યાં હોવાથી મારા શાપરૂપે જ કામ કરશે.

'શાપ આપવાની શક્તિ એટલી સહેલી નથી કે તારા જેવા સાધારણ મોહાંધ માણસને પ્રાપ્ત થઈ જાય. અને તારામાં એવી શક્તિ હોય તો પણ એથી ડરીને હું ખોટે માર્ગે પગલું ભરીને મારા આત્માનું ખૂન નથી જ થવા દેવાની. મને ભવિષ્યની ભીતિ નથી લાગતી. વિધાતા મંગલમય હોવાથી બધું મંગલ જ કરશે એવો મને વિશ્વાસ છે.'

ઉર્મિલાને દૃષ્ટિ આગળથી વિલીન થતી જોઈ એટલે નિષ્કામ પણ ઘર તરફ ચાલવા માંડયો.



## પ્રસંગોની સ્મૃતિ

રાજપ્રસાદના પોતાના ખંડમાં ઉર્મિલા મધ્યાહ્નવખતે વિશ્રામ કરવા માંડી ત્યારે એને સવારનો પેલો ઉદ્યાનનો નિષ્કામ સાથેનો પ્રસંગ યાદ આવ્યો એના પરિણામે એનું અંતર કરુણ અથવા વ્યથિત બની ગયું. એને થયું કે આજનો દિવસ કરુણતાથી ભરેલો જ થઇ પડયો છે; એમાંયે નિષ્કામ સાથેના પ્રસંગે તો હદ કરી નાખી છે; એવું એને લાગ્યા વિના ના રહ્યું.

નિષ્કામ રાજા જનકના પુરોહિત શતાનંદનો પુત્ર હતો. એ શરીરે સુંદર અને સ્વસ્થ હોવા છતાં મનોબળમાં જરાક કાચો હતો.

ઉર્મિલા પર એને પહેલેથી જ પ્રેમ હતો જ પરંતુ વખતના વિતવા સાથે એ એક પ્રકારના મીઠા આકર્ષણમાં પરીણમેલો.

એકવાર સાંજે ઉર્મિલા પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં ભવાની માતાના દર્શને ગયેલી. માતાનું દર્શન કરીને એ ફૂલવાડીનું નિરીક્ષણ કરી રહેલી ત્યારે એ આવી પહોંચ્યો ને ફૂલવાડીને લક્ષ્ય કરીને બોલ્યો : 'ફૂલોપર આટલા બધા ભમરાઓ શા માટે ફરતા હશે ? ફૂલો એમને આમંત્રણતો નથી આપતાં, છતાં પણ અનેકની સંખ્યામાં આવીને એમની આજુબાજુ ભમ્યા કરે છે.'

ઉર્મિલાએ કહ્યું : 'એમનો એવો સ્વભાવ જ છે, એ સ્વભાવથી પ્રેરિત થઇને કે પરવશ બનીને એ ફૂલોની દિશામાં દોડી આવે છે અથવા એમ કહો કે દોડી આવ્યા વિના રહી જ નથી શકતા. એમને એવી રીતેજ સુખ અથવા શાંતિ મળે છે, પરંતુ તને આવો વિચાર કયાંથી આવ્યો ? ' વિચાર તો ફૂલોને જોઇને આપોઆપ આવી ગયો. પરંતુ ભમરાઓને નિહાળીને મને લાગે છે કે સુંદર પદાર્થોને જોઇને સૌ કોઇ આકર્ષાય છે. એ સૌ કોઇના આનંદ, સુખ અને રસનું કારણ થઈ પડે છે.'

ઉર્મિલા કાંઈ ના બોલી એટલે નિષ્કામે કહ્યું 'આ સુંદર ફૂલવાડીની સાથે સાથે હું આથી પણ વધારે સુંદર એક બીજી ફૂલવાડીનું નિરીક્ષણ કરી રહ્યો છું.'

ઉર્મિલાએ આશ્ચર્યવશ થઈને પૂછ્યું, 'બીજી ફૂલવાડીનું નિરીક્ષણ કરી રહ્યો છે! એ બીજી ફૂલવાડી વળી કયી છે? અહીં તો બીજી કોઈએ ફૂલવાડી નથી દેખાતી, તું કોઈ સ્વપ્ન તો નથી જોઈ રહ્યો? 'સ્વપ્ન નથી જોતો પણ સાચું જ જોઈ રહ્યો છું. એ બીજી ફૂલવાડી આ ફૂલવાડીની જેમ જડ નથી, પરંતુ ચેતન છે અને નિર્જીવ નથી પરંતુ સજીવ છે. એની અંદર પણ આવાજ, બલ્કે આના કરતાં યે સુંદર, સરસ, ફોરમવંતા ફૂલો ખીલેલાં છે.'

'નિષ્કામ, તું કોઈક કલ્પના પ્રદેશમાં વિહરી રહ્યો છે કે શું? કોઈને આવું કહીશ તો તને ડાહ્યો નહિ પણ દિવાનો માનશે'

(ક્રમશઃ)

પ્રાણેશ્વર પ્રભુ! આપને માટે હું સમસ્ત ભોગોને વિષમ રોગ સમજીને, તેનો ત્યાગ કરું. અને હૃદયમાં કેવલ આપને જ ધારણ કરીને મોજ કરું. ઈન્દ્ર અને બ્રહ્માનું સુખ પણ તે મોજની પાસે તુચ્છ બની જાય.

## ભારતના નવા નોંધાયેલ આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર ઉમેરો થતો રહે છે, તે ગ્રાહકોની સદ્‌ભાવનાને આભારી છેઃ- છેલ્લે નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

૩૩૩ શ્રી ગોવિંદભાઇ વલ્લભભાઇ ભૂત, રાજુલા રૂા. ૨૫૧
૩૩૪ ,, મા આનંદ મધુ, ઋષિકેશ, રૂા. ૨૫૧
૩૩૫ ,, હરગોવિંદભાઈ શંકરલાલ ભટ્ટ, મુંબઇ રૂા. ૨૫૧
૩૩૬ ,, મધુસૂદનભાઇ હરગોવિંદભાઇ ભટ્ટ, મુંબઇ રૂા ૨૫૧
૩૩૭ ,, જસવંતલાલ ત્રિભુવનદાસ ભટ્ટ મુંબઈ, રૂા. ૨૫૧
૩૩૮ ,, પનુભાઇ એમ. અમીન, અમદાવાદ રૂા. ૨૫૧
૩૩૯ ,, અશ્વિનભાઇ એન. પટેલ, વડોદરા રૂા. ૨૫૧
૩૪૦ ,, ડી. એમ. પટેલ, વડોદરા રૂા. ૨૫૧
૩૪૧ ,, રમણલાલ વિઠ્ઠલદાસ પારેખ રૂા. ૨૫૧
૩૪૨ ,, પ્રભુદાસ આર. હળવદિયા, મોરબી રૂા. ૨૫૧

## પરદેશના નવા આજીવન સભ્યો

પરદેશોમાં પણ અધ્યાત્મનો પ્રચાર થતો રહે છે. એથી ત્યાંના નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ આ પ્રમાણે છે.

૬૪ શ્રી બી. આર. ભક્ત એરીઝોના, રૂા. ૧૫૦૧
૬૫ શ્રી નટવરલાલ ભગુભાઈ ભક્ત પનામા, રૂા. ૧૫૦૧

## સહાયક પેટ્રન

અધ્યાત્મના નવા નોંધાયેલ સહાયક પેટ્રન નીચે પ્રમાણે છેઃ-

૭ શ્રી કાન્તિલાલ ભાઇશંકર પંડ્યા સાબરમતી,
અમદાવાદ રૂા. ૫૦૧
તેમને અભિનંદન

# તપ

તપ કોઇ આંખ મીંચીને કરાતી બળજબરી કે જડ ક્રિયા નથી, પણ વિકાસમાં મદદરૂપ થનારી સમજપૂર્વકની સાધના છે એ યાદ રાખવાનું છે. ને એ રીતે જ એનો આધાર લેવાનો છે તો જ તે ઉપયોગી થઇ શકે. યોગની સઘળી સાધનાને બીજી બધીજ નાની મોટી સાધના એક ઊંડા વિચારપૂર્વકની સાધના છે, એ વાત ભૂલેચૂકે પણ નથી ભૂલવાની.

સમજપૂર્વક તથા પોતાના વિકાસને માટે કરાતા તપથી તન ને મન બન્નેને મદદ મળે છે. તન નિર્મળ કે નિરોગી બને છે, ને મન પોતાની મલીનતા અથવા આસુરી સંપત્તિનો ત્યાગ કરીને સ્થિરતા ધારણ કરે છે. તેવા મનને વશ થતાં પછી વાર નથી લાગતી પછી તો તપને લીધે યોગીને તન અને મનની કેટલીક વિશેષ શક્તિની પ્રાપ્તિ પણ થાય છે. તેને જ સિદ્ધિ કહે છે. મોટા કે નાના બનવું, અદ્દશ્ય થવું, તથા દૂર દર્શન કે દૂર શ્રવણ જેવી સિદ્ધિ, પછી વિકાસના નિયમરૂપે આપો આપજ આવી મળે છે. તપને લીધે જે તન ને મનની શુદ્ધિ થાય છે તે પણ એક મોટી સિદ્ધિ જ છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડ બજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨